સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

ઓક્ટોમ્બર - ૨૦૦૯
બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-



પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે યોજાયેલ ચૌદમી
'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૧૬ થી ૨૬ ઓક્ટોમ્બર થી - ૨૦૦૯)



ગઢપુરપતિ શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીગોપીનાથજી મહારાજ આદિક દેવોના દર્શનાર્થે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



ખોપાળાને આંગણે યોજાયેલ 'શરણાગત સત્સંગ શિબિર'માં દર્શન-અમૃતવાણીનો દિવ્ય લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી





# શ્રી સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૫, અંક :- ૪, તા. ૨૦-૧૦-૦૯

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર

:: તંત્રી ::
સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના ઓક્ટોમ્બર માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ -પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : રૂા. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::



'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
E-mail : chintansardhar@yahoo.in




## "વ્હાલા લાગે વાલપના વેણ..."

'इह च यदुरुदु:खमन्तकाले ह्यगणितवृश्चिकदंशतुल्यमाहु: ।
यदितरदपि तच्च वैष्णवानां भवतु ममाथ च ते तु सन्त्वदु:खा: ॥'

આ લોકમાં અંત સમયે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની પીડા કરતાં પણ અધિક દુ:ખ થાય છે, તથા બીજી પણ શરીર સંબંધી જે જે પીડાઓ કહેવાય છે; તે વેદનાઓનું દુ:ખ જો તમારા ભક્તજનોને ભોગવવાનું લખ્યું હોય તો તે મને પ્રાપ્ત થાઓ પણ તમારા ભક્તો દુ:ખી ન થાય. (શ્રી સત્સંગિજીવન : ૧/૫૯/૮૩)

'क्वचिदपि भुवि कृष्णभक्तिभाजां निजकृतकर्मवशादवश्यभोग्यम् ।
इह यदुरु तथाऽन्नवस्त्रदु:खं तदपि ममास्तु न तु प्रजेश! तेषाम् ॥'

આ લોકમાં ભગવદ્‌ભક્તિ કરનારા તમારા ભક્તજનોને પોતાના કઠિન કર્મસંજોગોવશાત્ ક્યારેય પણ અન્ન વસ્ત્રાદિકની પીડા અવશ્ય ભોગવવાની લલાટમાં લખી હોય તો તે પીડા મને આવે પણ તેઓ અન્નવસ્ત્રે કરીને દુ:ખી ન થાય. (શ્રી સત્સંગિજીવન : ૧/૫૯/૮૪)

## :: અનુક્રમણિકા ::


૧ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સામાન્ય માનવી... ૦૬
- પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


૨ આજનો યુવાન પણ અવશ્ય ગુણવાન બની શકે છે ! ૨૦
- સાધુ યોગેશ્વરદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ સ્વભાવ કે અભાવ ...? ૨૨
- પાર્ષદ ખુશાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ શંકા જેટલી દૂર શ્રદ્ધા એટલી નજીક... ૨૪
- સાધુ વ્યાપકસ્વરૂપદાસ, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૫ સત્સંગ સમાચાર પત્રિકા... ૨૬
- સંકલિત

૬ નૂતન વર્ષના નવલા પ્રકાશનો... ૩૨
- સંકલિત



# નૂતન વર્ષના આરંભમાં...

નવા વર્ષમાં નવચેતનાની સાથે જૂની ભૂલોનું પુનરાવર્તન ન થાય અને આપણે સર્વે વ્યક્તિગત જીવનમાં પણ કામ, ક્રોધ, લોભ આદિક અંતઃશત્રુઓથી સાવધાન રહીએ તેજ રીતે સમાજમાં, દેશમાં, અરાજકતા, ભ્રષ્ટાચાર અને પાપાચારરૂપી બાહ્યશત્રુઓથી પણ આ નવા વર્ષના દિવસોમાં ચેતતા રહીએ. તેમજ સર્વેના જીવનમાં ગતવર્ષની રહેલી વિટંબણાઓ, મુંજવણો અને દુઃખ-દારિદ્રતાને દૂર કરી દરેકને સુખીયા કરે એવી **વડતાલવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજના શ્રીચરણોમાં પ્રાર્થના સહ...**

નૂતન વર્ષના જય શ્રી સ્વામિનારાયણ.



નૂતન વર્ષના આરંભમાં પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮
શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી
અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮
શ્રી લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
શ્રીચરણોમાં કોટિ કોટિ સાષ્ટાંગ પ્રણામ
સહ......વંદના



# ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સામાન્ય માનવી

પાર્ષદ કુણાલ ભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**વૈ**રાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી લખે છે :-

**'કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે;**
**મર આપિયે સો સો શીશ, તોયે વણ મળ્યાની વાત છે રે..**
**કિયાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;**
**કિયાં પૂર્ણ પુરુષોત્તમઆપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે..**
**અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;**
**તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે...**
**તૈયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;**
**કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય તેને સાથજી રે...'**

(ચોસઠપદી : ૨૭)

સો સો માથા આપવાં છતાં, અબજો જન્મે કરીને પણ આ જીવાત્માને માયાથી પર અક્ષરધામમાં બિરાજતાં સાક્ષાત્ સુખના સાગર ભગવાન શ્રી સ્વામિનારાયણનો મેળાપ થવો મહામુશ્કેલ છે. તપશ્ચર્યાદિ અનેક સાધનો કરવાથી પણ જે વાત શક્ય ન બને એ વાત આજે એ પૂર્ણ પુરુષોત્તમ ભગવાનના દયામય શુભ સંકલ્પથી એમણે આ લોકમાં કરેલા પોતાના અવતરણકાર્યથી આપણને સુલભ બનાવી દીધી છે. કીડીને ઘેર કુંજર એટલે કે હાથીની પધરામણી જેવી અઘટિત વાતને ભગવાન શ્રીહરિએ કૃપાથી સર્વ જનોને સુગમ બનાવી દીધી છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે સામાન્યમાં સામાન્ય માનવીને, દુનિયાના સૌથી છેલ્લા માનવીને સ્પર્શીને તેને મહાન બનાવ્યો. કેવી રીતે ?

તેના રોમે રોમમાં નૈતિકતા અને આધ્યાત્મિકતા ઘૂંટાવીને!!!

આ માટે તેઓ તેમના ઝૂંપડાંઓમાં રહ્યા, એમની સાથે એકતાર થઈ ગયા. આ માટે તેઓ સાથે જમ્યા, સાથે રમ્યા... પોતોનો સર્વોચ્ચ પરભાવ ભૂલીને આત્મા સાથે આત્માકાર થઈને...

તેઓ આ બધું સહજતાથી કરી શક્યા, કારણ કે એમને મન વ્યક્તિ નહીં, તેનો ભાવ અગત્યનો હતો. એમની પાસે કોઈ નહોતો ગરીબ કે કોઈ તવંગર, નહિ કોઈ નીચો કે કોઈ ઊંચો..., એમને મન મહાન હતો ભક્ત...!!! ભેદભાવની તમામ સીમાઓ એમના સાંનિધ્યમાં ઓગળી જતી હતી. અને એટલે જ તેઓ સાચા અર્થમાં **ગરીબનિવાજ** હતા...

આગ્રાની બલવંતસિંહ કોલેજના તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ **ડો. એચ. કે. કપિલ** કહે છે : "સમાજસુધારણાના પોતાના કાર્યમાં શ્રી સ્વામિનારાયણે અસ્પૃશ્યોનો પણ ઉત્કર્ષ કર્યો છે. તેઓ તેમના શિષ્ય બની શકતા અને સત્સંગમાં પણ આવી શકતા. અને સંપૂર્ણ આધ્યાત્મિક લાભ પણ મેળવી શકતા. ખરેખર, વાસ્તવમાં માણસમાત્ર માટેનો તેઓના પ્રેમનું દર્શન, દરિદ્રો માટે તેમની ઊંડી અને પ્રબળ લાગણીમાં સ્પષ્ટ જણાય છે."

અંગ્રેજીમાં એક ચિંતકે કહ્યું છે કે 'The greatness of great men is not in how they treat other great men - but in how they treat their subordinates.' અર્થાત્ - **'મહાપુરુષોની મહાનતા** અન્ય મહાપુરુષો સાથેના તેમના વર્તનથી નહિ, પરંતુ **નાના વ્યક્તિઓની સાથેના તેમના વર્તનથી જાણી શકાય છે.'**

મોટા રાજવીઓ, અમલદારો કે અમીર શેઠિયાઓ સાથે સારા સંબંધ રાખવા - એમાં વ્યક્તિગત સ્વાર્થ કે કીર્તિની ભૂખ કારણ હોઈ શકે પણ નાની વ્યક્તિઓ સાથે પણ એવો જ સ્નેહપૂર્ણ સંબંધ રાખવો - એ કેવળ નિઃસ્વાર્થતાની અને કલ્યાણભાવનાની નિશાની છે.

ચાલો તો આપણે હવે મળીએ **ગરીબ** અને **ગરીબનવાજને...!!!**

"ભલે ઠાકોર ! ભલે અન્નદાતા !"

ભાવનગરના રાજા વજેસિંહના દરબારમાં ભાટ-ચારણોની બિરદાવલિયું બોલાઈ રહી છે. સાંભળીને ઠાકોરની છાતી તો એવી ફૂલવા માંડી છે કે જાણે કેડિયાની કસો તડ... તડ... તડ... તૂટવા લાગી.

અઢારસો પાદરનો ધણી આજ પોરસાઈ રહ્યો છે. એક બારોટ ઊભા થયા. રાજાને નમન કર્યું. અને વિશાળ કપાળમાં તિલક-ચાંદલો શોભી રહ્યો છે, જેના રોમરોમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સત્સંગ ચડી ગયો છે.

"બોલો, શિવદાન ! શી રચના છે તમારી ?" બોટાદના શિવદાન બારોટને રાજાએ પૂછ્યું.

ફરી વંદન કરી શિવદાને શ્રીજીમહારાજની સ્તુતિ લલકારીઃ

**'નમું સચરાચરમાં અકળ વિહારી, અજ અવિકારી**
**અવતારી; નર નાટ્ય ધર્યું ધરણી પર,**
**આવી ઊગારવાને નરનારી.**
**જય કાર કર્યા અરિદળ મારી,**
**નિજજનના દોષો સંહારી;**
**અરે ! રાય રંક પણ જાય તરી,**
**મુખ સ્વામિનારાયણ ઉચ્ચારી...નમું૦'**

સ્તુતિ સાંભળી સૌના મન મલક્યાં. કારણ કે આ સ્તુતિ કોઈ ભૌતિક નરેશની નહોતી. એ હતી પોતાના પ્રાણપ્યારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની !

રાજાની મદ-આંજી આંખો શિવદાન પર મંડાણી. રાજાના હૈયામાં કારમો ઘા

લાગ્યો હતો. અંગ-અંગ ધ્રુજી ગયાં. પણ શું કરે ! આંગણે આવેલને જલદી જાકારો પણ કેમદેવાય ? ભાવનગરના નરેશ વજેસિંહ દરબાર મનોમન સમસમી રહ્યા.

બિરદાવલી પૂર્ણ થઈ. ઠાકોર ભાટ-ચારણોનો શિરપાવ દેવા લાગ્યા અને સૌ ભલકારા દેતા રાજાને ખમ્મા-ખમ્મા કરી રહ્યા.

"બારોટ ! તમને શિરપાવ તો સ્વામિનારાયણ આપશે ને ? ત્યાં નથી જવું ! અહીં કેમ ભૂલા પડ્યાં !" શિરપાવ લેવા જોડાયેલા શિવદાન બારોટને રાજાએ ઠાવકાઈથી કહ્યું.

ત્યારે શિવદાન કહે : "ઠાકોર ! એમનો શિરપાવ તો બહુ મોટો છે. આ લોકની વસ્તુ તો કોઈ આપી શકે, પરંતુ એમની પાસેથી મનો અક્ષરધામનો શિરપાવ તો ક્યારનોય મળી ચૂક્યો છે."



**"ઠાકોર ! એમનો શિરપાવ તો બહુ મોટો છે. આ લોકની વસ્તુ તો કોઈ આપી શકે, પરંતુ એમની પાસેથી મને અક્ષરધામનો શિરપાવ તો ક્યારનોય મળી ચૂક્યો છે."**

શબ્દે શબ્દે ભરેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યેના અહોભાવનો રણકો રાજવીનું કાળજું કોરી રહ્યો.

વજેસિંહ ઠાકોર બોલ્યા : "જો સ્વામિનારાયણ જ તારા અન્નદાતા હોય તો અહીં સુધી લાંબો શીદ થયો ?"

**'રાજા સાથે બહું વિવાદમાં ન ઊતરવું'** - એ શિવદાન જાણતા હતા, તેથી મૂકવદને ત્યાંથી ચાલી નીસર્યા. શ્રીજીમહારાજને શોધતા શોધતા બોટાદના રસ્તે વળ્યા અને વચ્ચે સારંગપુર રાત્રિ રોકાણ કરીને જવા વિચાર્યું. અને આશ્ચર્ય !!!

ભગવાન શ્રીહરિ **સારંગપુર**માં જીવાખાચરના દરબારમાં બિરાજમાન હતા. સાંજનો સમય છે. શ્રીજીમહારાજના શ્રીમુખે **વચનામૃતનું રસપાન** સહુ કરી રહ્યા છે. શિવદાન બારોટે મહારાજને વંદન કર્યાં. દર્શનથી હૈયું હળવું થયું. બારોટને હાશ તો થયું પણ શ્રીજીપ્રભુ સાથે વાત કરવાનો મોકો ન મળ્યો. ઠાકોરે મારેલું મેણું કેમેય વિસરાતું નથી. બારોટ રાઠોડ ધાધલને ઘેર ઢોલિયા ઉપર આડે પડખે થયા છે.

મધકટોરે માખી ડૂબે એમ શિવદાન બારોટનું મન ભગવાન શ્રીહરિની મૂર્તિમાં ડૂબ્યું છે. ઊંઘ આવતી નથી, અર્ધી રાત્રિએ ઊઠ્યા. હાથમાં સરોદો લીધો. બારોટે પોતાના કંઠે એક પછી એક કીર્તન રચી રચીને લલકારવા લાગ્યા.

શબ્દે શબ્દમાં ભરેલા લાખેણાં ભાવે શ્રીજીમહારાજને સુંવાળી સેજમાંથી ખડા કરી દીધા. રાઠોડ ધાધલના ફળિયે ગયા, ભીંત સાથે કાન ટેકવી સુણતા રહ્યા... નીરવ શાંતિમાં એક ભક્તના ભાવ રેલાઈ રહ્યા હતા. મહારાજ એને માણી રહ્યા હતા !

"અરે, મહારાજ ! આમ તે હોય ! આ જુઓ તો ખરા ! શરીર ઊઘાડું છે. ચરણપદ પણ ઊઘાડા છે, પાછલી રાતનો ઠાર પડે છે, કંઈક તો ગણકારો...!"

ગુંજતો સરોદો અને રેલાતા ભાવને આધીન થઈને શ્રીજીપ્રભુને અંગનું પણ ભાન ભૂલાઈ ગયું છે... ખોળતા બ્રહ્મચારીએ મહારાજની ભાવ સમાધિ તોડી.

"અહોહો તમે બ્રહ્મચારી ! અને નાજા તમે ! અહોહો સારું થયું તમે આવી ગયા, ઠીક થયું. જલદી જાવ, **આપણો રોઝો શણગારીને લેતા આવો. બધા શણગાર સજજો...** પગમાં સોનાના તોડા અને ઝાંઝર પહેરાવજો. ડોકમાં સોનાની ઘુઘરમાળ બાંધજો, કપાળે દામણી પણ લટકાવજો અને પીઠ પર હીરનાં પલાણ મુકજો."

નાજા ભક્તને થયું આજે પ્રભુને ક્યાંક રજવાડે જવાનું આમંત્રણ હશે કે શું ? એ તો ગયા ને રોઝો ઘોડો શણગારીને લાવ્યા.

બ્રહ્મચારી તો આ બધું જોઈ જ રહ્યા છે. આ અડધી રાતે ક્યાં જવાનું છે, શી તૈયારી કરવાની છે... કંઈ જ આદેશ નહીં...!!!

શ્રીજીમહારાજની આવી તાકીદની ઉતાવળ હોય ત્યારે હજુરી સેવક બ્રહ્મચારી કંઈ વધુ બોલી શકતા નહીં. મનોમન ગુંજતા રહેતા, એમ કે કાયાની છાયાને વળી માયા શી ? રોઝે ચઢશે તંઈ પેગડું પકડી લઈ સાથે દોડીશ.

બ્રહ્મચારી મૌન છે. સરોદો વાગે છે. કીર્તનની રસધારા રેલાય છે. નિમિલિત નયને ભગવાન શ્રીહરિ હજુ સાંભળી રહ્યા છે...

રોઝો ઘોડો આવ્યો. શ્રીજીમહારાજ કહે : ''હવે મારો પોષાક લાવો, જોજો વીંટી સરખુંય ઘરેણું ચૂકશો નહીં. અરે, બ્રહ્મચારી ! તમે જાવ સાથે... હમણાં જ સુરતના ભક્તો સાચી જરીના પોષાક લાવ્યા છે તે લઈ આવો. મોતી મઢેલી મારવાડી મોજડીયું પણ લાવજો અને હીરકોરી બોકાનિયું પણ લેતા આવો.''

બ્રહ્મચારી ગયા. મન હજુ નથી માનતું કે અત્યારે ક્યાં સંચરશે, આટલી મોટી રાતે ને વળી એકલા !!! ને આવા શણગારમાં !! તેઓ કોઈ ભેદ પામી શક્યા નહિ. એ તો પૂજાનો ખલીતો અને જળપાન માટે અબખોરો પણ લાવ્યા. આ જોઈ મહારાજ મનમાં મંદ મંદ હસ્યા.

રોઝો તૈયાર થયો. છ ફુટ ઊંચો એ દેવાંશી ઘોડો. વગર શણગારે પણ રાજા-મહારાજાની આંખો ઠારતો. જ્યારે સોનું ૧૫ રૂપિયે તોલું મળતું એ જમાનામાં આ રોઝા ઘોડાનું મૂલ્ય એક હજાર રૂપિયાનું હતું ! આવો અમૂલ્ય ઘોડો જોવા લોકો ટોળે વળતા. કાઠીઓ એની મોંઘી માવજત કરતા.

જીવાખાચરના દરબારમાં મળસ્કે ચહલપહલ મચી ગયા. નાજા જોગીયાએ જીવાબાપુને જગાડ્યા... ને એમ આખો દરબાર જાગી શ્રીજીમહારાજ પાસે ટોળે વળ્યો. પ્રભુ મંગળા દર્શનમાં કેવળ પીતાંબર ધારેલ અંગે ઊભા છે. બ્રહ્મચારી છબીલા છેલના શણગાર ઝાલીને ઊભા છે. કંઈક બની રહ્યું છે, શું છે તે કોઈ પૂછી શકતું નથી. જીવાખાચર આગળ આવ્યા. હાથ જોડી વંદન કરીને મહારાજને કહ્યું : **''પ્રભુ ! કઈ બાજું સિધાવવું છે.''**

ત્યારે શ્રીજીમહારાજ કહે : ''અહીં જ છીએ, ક્યાંય નથી જવું, આ ધાધલને ત્યાં બારોટ **શિવદાન** છે તેને બોલાવો...!''

શિવદાનની આંગળીઓ સરોદા પર રમતી હતી. આંખો બંધ હોવા છતાં વિરહતા સ્પષ્ટ જણાતી હતી. કંઠમાંથી વેદનાના સૂર વહેતા હતા. બાપુ તેની પાસે ગયા ને તેઓ પણ ઘડી થંભી ગયા. પછી ધીમે રહીને કહ્યું : ''બારોટજી ! મહારાજ બોલાવે છે.''

''મહારાજ....!'' કહેતાક તે ઝટ ઊભા થયા. બહાર દોડી આવ્યા.

ત્યાં તો ફળિયું આખું ભરચક જોયું. ઊઘાડા અંગે પણ ભગવાન શ્રીહરિ અછતા રહેતા નથી. બારોટ મહારાજનાં ચરણમાં પડી ગયા. શ્રીજીમહારાજે તેમને ભેટી રાજીપો દર્શાવ્યો અને કહ્યું : '' શિવદાન ! અમારાથી શું અજાણ્યું હોય ! લો, ઝટ કરો. તમારે હમણાં જ ભાવનગર પાછા જવાનું છે...''

બારોટ કહે : ''પણ મહરાજ ! એ તો કહો આપ ક્યારના ઊભા છો ?'' જવાબમાં શ્રીજીમહારાજ ફક્ત મર્માળું હસ્યા.

બ્રહ્મચારી કહે : ''તમે ભજન શરુ કર્યા ત્યારના, હવે એ તો કહો મહારાજને કોનું આમંત્રણ છે ?''

શિવદાન બારોટ હજુ કંઈ બોલે તે પહેલા તો ભગવાન શ્રીહરિએ આંખના ઈશારે નાજા જોગિયાને નજીક બોલાવ્યા. એમના હાથમાંથી ઘોડાની લગામ લીધી... બ્રહ્મચારીને એમ કે ઘોડા પર મહારાજ આમજ બિરાજી જશે કે શું ? તેઓ જલદી આગળ આવ્યા ને શણગાર ને વસ્ત્રો સામે ધર્યા.

ત્યારે શ્રીજીમહારાજ કહે : ''બારોટ ! આ લ્યો, તમારાં કપડાં બદલી નાખો... આ સુરવાળ ને જરકસી જામો પહેરો, માથે મોંઘું મંડીલ બાંધો, ગળામાં  ને હાથમાં સોનાના આભૂષણો પહેરો... ને લ્યો આ મોજડી પણ પહેરો...''

સેવક બ્રહ્મચારી 'પણ... પણ...' કરતા રહ્યા ને મહારાજ બારોટને જાતે જ વસ્ત્રો પહેરાવવા લાગ્યા.

જેવા એ તૈયાર થયા કે ભગવાન શ્રીહરિએ હાથમાં રાખેલી લગામઝટ દઈ બારોટના હાથમાં મૂકી બધું જ **'કૃષ્ણાર્પણ'** કરી દીધું. કાઠી દરબારો કહે : ''હં... હં... મહારાજ ! આ શું કર્યું !''

**''શિરપાવ દીધો.''** કહેતા શ્રીજીપ્રભુના મુખ પર મરમાળું સ્મિતનું મોજું ફરી વળ્યું.

''મહારાજ ! આ ઘોડો દેવાંશી છે, દયાળુ ! આ કેવળ આપના માટે જ છે. એની પીઠ પર બીજો ન શોભે.'' જીવાખાચર થોથરાતી જીભે માંડ માંડ બોલ્યા.

''અમારા શણગાર એના અંગ પર આરોપી દીધા એટલે અમે આવી ગયાને !'' મહારાજે હસતાં હસતાં કહ્યું.

શિવદાન બારોટ એ લાખેણાં અલંકારોથી મઢ્યા અશ્વ પર આરૂઢ થયા. એ વખતે અરુણોદય થઈ ચૂક્યો હતો. શિરપાવ જોવા આકાશે રવિ પણ તલપાપડ બન્યો હતો. એના ઝળાંઝળાં તેજમાં અશ્વ અને અસવાર તરબતર હતા.

હજુ શ્રીજીમહારાજે ઘોડાનું ચોકઠું પકડ્યું હતું. બારોટને વિદાય આપતાં કહ્યું : ''ભક્તરાજ ! વજેસિંહ ઠાકોરને કહેજો કે અમે આપેલા શિરપાવમાં કંઈ ઓછું તો નથી રહ્યું ને ?''

શિવદાન બારોટ આ સાંભળી ભગવાન શ્રીહરિ પર વારી ગયા. એમની આંખોના ખુણા ભીંજાઈ ગયા.

ઘોડો પણ જાતવાન હતો, એ અસવારને ઓળખી ગયો. શ્રીજીમહારાજની મરજી પામી ગયો હોય તેમ અસવારને લઈ દક્ષિણ દિશામાં ઘોડો

હાવળ દેવા લાગ્યો અને પલકારમાં તો અસવારને લઈ જાણે ઊડ્યો ! જોતજોતામાં ક્ષિતિજ પર રમવા માંડ્યો.

ચિત્રવત્ થઈ જોઈ રહેલા ભક્ત સમુદાયને ભગવાન શ્રીહરિએ કહ્યું : "લ્યો, હાલો હવે સ્નાન-પૂજાપાઠ નિત્યવિધિ કરો."

બારોટ કોણ હતા, ક્યાંથી ટપક્યાં ? મહારાજને ક્યારે મળ્યા, શી વાત થઈ ? અને મહારાજે પણ ક્યાં મોકલ્યા ? ને આ બધું લઈ ગયા તે પાછું આવવાનું છે ? કે પછી... વગેરે પ્રશ્નોની તરંગમાળા સૌના મનને હલાવતી હતી.

ભાવનગર ભૂપાળ વજેસિંહ ઠાકોર દરબાર ભરીને બેઠા છે. એવામાં દેવાંશી ઘોડા માથે દેવ જેવા રાજવીએ આંગણે પગ દીધો. આ જોઈ ઠાકોર તો સિંહાસન પરથી જરિયાની ઝાંપ ઝાંટકતાં ઊભા થઈ ગયા ! આગંતુકના તેજ પાસે એમનું તેજ વિલાઈ ગયું હતું ! આવા સમ્રાટનું પદાર્પણ પોતાના ખોખા જેવા આંગણે ક્યાંથી ! એ વિચારમાં અઢારસો પાદરનો ધણી રાજવટનો મદ મૂકી દોડ્યા. શિવદાન બારોટે તરત પેગડું છાંડતાંક રાજાને સામે નમસ્કાર કરી **'જય સ્વામિનારાયણ'** કહ્યાં. તેમને વજેસિંહ ઠાકોરે ઓળખ્યા ને કહ્યું : "અહો, આ તો શિવદાન બારોટ !"

બારોટે કહ્યું : "બાપુ ! મારા શ્રીજીપ્રભુએ આ શિરપાવ આપ્યો છે. આમાં કંઈ ઓછું તો નથી ને ?"

દરબાર તો એને જોઈ જ રહ્યાં અને કહ્યું : "બારોટજી ! સ્વામિનારાયણ તો ભઈ, ભગવાન કહેવાય. એમના શિરપાવમાં ઓછું શું હોય ! એમને મળો ત્યારે મારા વંદન કહેજો, ને કહેજો કે મદમાં કંઈ બોલાઈ ગયું હોય તો ક્ષમા કરે... ને કહ્યું : તમે ભક્ત સાચા. આવા મોંઘા મૂલાં આભૂષણ ને પૃથ્વીપટે શોધ્યો ન જડે એવો અણમોલ અશ્વ તમને - એક ગરીબ બારોટને 'કૃષ્ણાર્પણ' કરતાં એમને સંકોચ નથી થયો ! **વાહ, પ્રભુ ! વાહ... ગરીબનવાજ !!"**

એમ કહેતા ફાટી આંખે ઠાકોર વજેસિંહ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રતિભાને વંદી રહ્યાં.

**'સખી ભૂધર ભૂખ્યો છે ભાવનો.'** - એ અનુસાર શ્રીજીમહારાજ એવા અંતરના શુદ્ધ ભાવના જ ભૂખ્યા હતા. અને જ્યાં આવો શુદ્ધ ભક્તિભાવ હતો, ત્યાં ભગવાન શ્રીહરિનું મન અને તન ઠર્યાં છે. શ્રીજીમહારાજને મન સયાજીરાવ ગાયકવાડનો મહેલ કે લીમલીના સગરામ વાઘરીનો કૂબો - બંને સમાન હતા.

જીવોનું અનાદિ અજ્ઞાન નાશ કરીને તેમને બ્રહ્મરૂપ કરવાના અસામાન્ય ધ્યેય સાથે પ્રગટેલા ભગવાન શ્રીહરિ, આ સામાન્ય હરિભક્તોના રીતિરિવાજો અને રુચિ પ્રમાણે તેમની સાથે રંગે રમતા, રાસ કરતા, ઘોડા ખેલવતા અને તેમની રમતોમાં ભળી જતા.

તેથી જ તો લંડન યુનિવર્સિટીના પ્રોફેસર **પ્રિન્સ હોપકિન્સ** કહે છે :- "સ્વામિનારાયણમાં સ્વયંભૂ શક્તિ રહેલી હતી. **પોતે અવતારી વ્યક્તિ હોવા છતાં કદી ભારેખમ બની વિચર્યા નથી.** પોતાનું જીવન કઠોર સંન્યાસીના ધર્મ પ્રમાણે ગાળતા હોવા છતાં તેમનામાં પ્રસન્નતા, આનંદ અને રમૂજની છોળો ઊછળતી હતી. તેઓ ગાતાં, રમતાં, પોતે કુસ્તી અને ગમ્મત પણ કરતા હતા. આવી અદ્‌ભૂત વ્યક્તિ તેમના દેહવિલય પછી પણ લુપ્ત થઈ નથી અને ઘણાંને અંતિમઘડી વખતે દર્શન દેતી રહી છે."

એમને મન સોનાના થાળમાં છપ્પનભોગ આરોગવા કે જીવણ કોળીનો કાચો-પાકો રોટલો ખાવો - એ બંનેમાં સરખો સ્વાદ હતો. મોટા મોટા શેઠિયાઓએ કરેલ લાખો રૂપિયાની સેવા કરતાં પણ દૂબળી ભટ્ટના તેર દોકડાની સેવા તેમને મન અધિક હતી.

સામાન્ય માનવીને પણ એમણે શ્રેયના સર્વોચ્ચ શિખરે પહોંચાડવા કમર કશી. એને હાથમાં હાથ દીધો. પોતાનું ભગવાનપણું એક કોરે મૂકી અને દૂધમાં સાકર ભળે એમ ભગવાન શ્રીહરિ સામાન્યમાં સામાન્ય ભક્ત સાથે ભળી જતાં.

❖ ❖ ❖ ❖ ❖

**"હા... દરબારો એ ભૂદેવને આગળ આવવા દો."**

ભૂદેવ સાથે રકજક કરતા દરબારોને શ્રીજીમહારાજે મોટે અવાજે કહ્યું. લોયાના દરબારગઢની એ મેદની વચ્ચે ભૂદેવ ઊભા છે.

ઝાલાવાડનો આ બ્રાહ્મણ છે. શરીર અતિ વૃદ્ધ છે. થીંગડાથી કપડાં અતિ જીર્ણ થયેલા જણાય છે. માથે જીર્ણ અને ફાટેલી પાઘડી બાંધી છે અને એક હાથનો નેજો રાખી એ ભગવાન શ્રીહરિના દર્શન કરે છે, અને એક હાથે પાઘડીમાં બાંધેલી ગાંઠને સંભાળી રહ્યા છે, શ્રીજીમહારાજ અને સભાજનો આ ભૂદેવને એક નજરે જોઈ રહ્યા છે.

વિપ્રએ પાઘડી ઊતારી અને બાંધેલી ગાંઠને છોડી અને શ્રીજીપ્રભુ સામે હાથ લંબાવ્યો.

શ્રીજીમહારાજે જોયું તો એ ધ્રુજતા હાથમાં એક રૂપિયો જ નહોતો, પણ એની અંદર એના જીવનની સમગ્ર આજીવિકા હતી ! રત્નજડિત સિંહાસનેથી મહારાજ નીચે ઊતરી અને એ વૃદ્ધ વિપ્રના ભાવને પંપાળવા લાગ્યા.

"અરે, વિપ્ર ભક્ત ! **આ રૂપિયો ક્યાંથી લાવ્યા ?"** મહારાજે પૂછ્યું.

"દયાળુ ! ઝીંઝુવાડાનું કાસદુ કરવા (પત્ર મોકલવા) ગયો

હતો ત્યાંથી રૂપિયો મળ્યો છે તે આપને આપવા રાખી મૂક્યો હતો.'' વિપ્રે જવાબ આપ્યો.

**''પણ આ તમારી આ પાઘડી ફાટી ગઈ છે એ નવી લઈ લીધી હોત તો ?''**

''તો પ્રભુ આપને શું આપું ?''

આ ભૂદેવનો નિખાલસ જવાબ સાંભળતા શ્રીજી મહારાજ અને સભાજનોના આંખના ખૂણા ભીંજાઈ ગયા.

નાનામાં નાનો માનવી એ અનંતકોટિ બ્રહ્માંડાધીશ પૂર્ણ પુરુષોત્તમનારાયણને પોતાના જાણી અને ભાવથી વસ્તુ-પદાર્થ અર્પણ કરતા તો પ્રભુ પણ એનો ભાવ પૂર્ણ કરવા એના સાથે એના જેવા જ બની જતાં.

આ શ્રીજીપ્રભુના 'Tit for tat' (જેવા સાથે તેવા)ના નિયમથી અંજાઈ ગયેલા **શ્રી રઘુવીર ચૌધરી** લખે છે :-

''ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ સમાજના છેલ્લામાં છેલ્લા માણસના માથે હાથ મૂક્યો એટલું જ નહીં, એને ખભે ચઢાવ્યો.''

- શ્રી રઘુવીર ચૌધરી (મૂર્ધન્ય ગુજરાતી સાહિત્યકાર અને પત્રકાર)

**ભગવાન શ્રી સ્વામિનારાયણ** કેવળ પરલોકના જીવનની વાતો કરનાર, ઉપદેશક નહોતા. પરંતુ પોતાના આશ્રિતોના, અરે ! પોતાનો પક્ષ રાખતા ભક્તો કે **સામાન્ય માનવીનો પણ** એ **સંપૂર્ણ ખ્યાલ રાખતા** અને એને વાસ્તે પોતાનો દેહ પણ 'કૃષ્ણાર્પણ' કરી દેતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિત નિમ્ન-વર્ણના હરિભક્તોમાં **નૈતિકતાના** કેવા **ઉચ્ચતર સંસ્કારો** રેડ્યા હતા તે માટે **લીમલીના સગરામ વાઘરી** કે **જૂનાગઢના ગોવા ભંગી**નાં દૃષ્ટાંતો પૂરતાં છે. એક સમયે જેમના માટે જીવહિંસા અને પારકી વસ્તુની ચોરી એ જ જીવન નિર્વાહનો આધાર માનવામાં આવતો એવી વાઘરી કોમના સગરામની તથા કોળી જ્ઞાતિના જોબન વડતાલાના **પરિવર્તનની કથા** રોમાંચક છે. કારમાં દુષ્કાળમાં પત્ની સાથે પોતાનું પેટિયું રળવા



''તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી ? ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા ત્યારથી હું પારકી વસ્તુને ધૂળ જ સમજું છું.'' સહજાનંદી અસ્મિતાનો એ રણકાર ઈતિહાસમાં અમર બની ગયો.

કાઠિયાવાડથી ઘેલા કોળી સુરત તરફ જઈ રહ્યા હતાં. ત્યારે રસ્તામાં તેને ચાંદીનો મોટો તોડો મળ્યો. પાછળ ચાલી આવતી પોતાની પત્નીને એ લેવાની લાલચ ન જાગે એ હેતુથી એણે તોડા પર ધૂળ વાળી દીધી. પત્નીએ નજીક આવતાં એ અંગે ઘેલા કોળીને પૂછ્યું અને જાણ્યું ત્યારે તેણે પતિને ખુમારીથી જવાબ આપ્યો : **''તમે ધૂળ ઉપર ધૂળ શું વાળી ?** ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા ત્યારથી હું પારકી વસ્તુને ધૂળ જ સમજું છું.'' સહજાનંદી અસ્મિતાનો એ રણકાર ઈતિહાસમાં અમર બની ગયો.

સમાજની દૃષ્ટિએ નિમ્નકોટિના લીમલી સગરામ વાઘરી, જૂનાગઢના ગોવા ભંગી, છાણીના તેજા ભગત, નારણદાસ વગેરે જેવા અનેક હરિભક્તોમાં બ્રાહ્મણને પણ શરમાવે એવી નૈતિકતા, નિત્યધર્મ અને જ્ઞાનની સરવાણીઓ ભગવાન શ્રી સ્વામિનારાયણે વહેતી કરી હતી.


૧૮મી સદીમાં **જ્ઞાતિવાદ** એટલો દૃઢ હતો કે સવર્ણો અંત્યજનોનો પડછાયો પણ પોતાની પર નહોતા પડવા દેતા પણ એવે સમયે પણ શ્રીજીમહારાજના દરેક જ્ઞાતિના હરિભક્તમાં **અરસપરસ એક જ કુટુંબ જેવો સંપ** હતો. એની નોંધ બિશપ હેબરે પોતાના શબ્દોમાં કરી છે : 'Though of different castes, they were all disciples of Swaame Narain and taught to regard each other as brethern.' અર્થાત્ - 'ભગવાન સ્વામિનારાયણ સૌને માટે એક એવું વિરાટ શિરચ્છત્ર હતા કે જેમાં પૃથ્વીના છેલ્લામાં છેલ્લા વ્યક્તિનું પણ સ્નેહભર્યું સ્થાન હતું અને એટલે જ અઢારેય વર્ણ ભગવાન સ્વામિનારાયણના કંઠમાં પરસ્પર ગૂંથાઈને માળા બનીને શોભતા હતા.'

❖ ❖ ❖ ❖ ❖

માથે આછો લીલો પટકો બાંધ્યો,
થીંગડવાગડ દરવેશ છે, મેલાઘેલા લૂંગડાં

એની સ્થિતિ પરખાવે છે, પગમાં કોઈના તરફથી ભેટ મળેલાં ઓખાઈ પગરખાં, સોયરું આંજેલી આંખો, એને જોતાં ભલભલા કંજૂસના કેડિયાની કસો તૂટવા માંડતી... આ હતો **લંગડા મીર**નો બાંધો.

ગિરનારની ગોદમાં આભને માંડવે ખેલતો આ મુસ્લિમ બિરાદર **હૈયેથી હિંદુ** હતો. ધનથી ગરીબ હતો પણ **અંતરથી અમીર** હતો. એના હૈયાની દાંડી બની વાગતું તાલબધ્ધ **તાંબાળું ત્રાસું** સાંભળવા લોકો થંભી જતાં.



દયા-માયા ઉપજે એવું હીર એના અંગમાં છલકાતું, નીતરતું ને કૈકને ભીંજવતું.

સં. ૧૮૮૪નો વૈશાખ તપે છે. જૂનાગઢની ધરતી માથે આંબે આંબે કેરીઓ હિલોળા લે છે. બહાદુરખાનની નવાબી છે. એના સાથ-સહકારથી શહેરની મધ્યમાં ગગનચૂંબી **શિખરબદ્ધ મંદિર** બંધાઈ ગયું અને મુગટમાં મણિ ચળકે એમ ચમકી રહ્યું છે. અને એટલે જ શિવપંથી નાગરોની આંખમાં કણાની માફક ખટકી રહ્યું છે. નાગર દિવાનના અનેક ઉદ્યામાં છતાં વૈશાખ વદ બીજને દિવસે ભગવાન શ્રી સ્વામિનારાયણ પધારી **પ્રતિષ્ઠા** કરશે. પ્રતિષ્ઠાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

શ્રીજીમહારાજ જૂનાગઢ પધારી રહ્યા છે, સૌએ વિચાર્યું કે સવારીનો રંગ તો તો જામે જો મીરના હાથે ત્રાંબાળુ ગડગડે. દ્વેષી નાગરોની દ્વેષવૃત્તિ અહીં પણ નડી. સ્વામિનારાયણની સવારીમાં કોઈ ઢોલ-શરણાઈ વગાડવામાં નહિ આવે એવો **વટહુકમ** પ્રસાર કર્યો. દીવાની સત્તા નાગરોના હાથમાં હતી એટલે ભક્તોના હાથ ટૂંકા પડ્યાં. કોઈ મીર સવારીમાં નહીં આવે તો ભોઠાંમણ ચઢશે - એ વિચારમાં સૌ ભેગા થયાં અને બીજા ગામમાંથી મીરને બોલાવવા દરબાર ગગાભાઈ ઘોડી લઈને બધે ફરી વળ્યા, પણ બધાએ સમૈયામાં આવવાની ના પાડી.

છેવટે મઘરિયે કસબે ગયા. જૂનાગઢથી લગભગ બે-એક ગાઉ દૂર આછા-પાતળાં રહેઠાણ. મજૂરિયું વરણ, આભને ચંદરવે જીવનનો ગુજારો કરે. આજુબાજુના ગામમાં ત્રાંસા-શરણાઈ વગાડે ને એમદિન-દનૈયા વહેતા રહે. ગગાભાઈએ બધા મીરોને ભેગાં કરી સામૈયું શોભાડવા વિનંતિ કરી.

"બાપુ ! તમારી વાત સો ટચની છે પણ અમારા પગ ન ઉપડે, ઈ શહેરના મીર સાથે અમારે અપેક્ષા (સંબંધ) જાય, પછી અમારે રહેવું ક્યાં ?"

ગગાભાઈએ ખૂબ વિનવ્યાં અને કહ્યું : **"સ્વામિનારાયણ ખુદાતાલા છે. એમની રહેમ નજર તમારા પર પડશે, ભાગ્ય ખૂલી જશે."**

પરંતુ બધા કસબાઓમાંથી જાકારો મળ્યો તેમ મઘરિયો - છેલ્લો કસબો પણ રુઠ્યો હતો. સંધ્યા પણ સૂરજને જાકારો દેતી દેતી પથરાતી હતી. હવે શું થશે ? ચિંતાનો બોજ ઉઠાવતા ગગાભાઈ ઘોડીએ સવાર થયા. એમની આંખોના ખૂણા ભીંજાઈ ગયા હતા.

"બાપુ ! હું આવીશ, કંઈજ ચિંતા કરશો નહીં." ગગાભાઈની નમ્રતા, સૌમ્ય વેશ અને ખુદાતાલા ભગવાન શ્રી સ્વામિનારાયણ વિષેની એમની નિષ્ઠા જોઈ, જાણે હૃદયનો અંતરાત્મા બોલતો કે, 'તું જા ને ત્રાસું વગાડ...' અંતરમાં જાણે વીજ ઝબૂકી ગઈ !

ગગાભાઈ પેગડું છાંડતાંક નીચે કૂદ્યા ને મીરને ભેટી પડ્યા, જાણે કે કંઈ જનમના ભેરુ હશે !! દરબારની આંખના ખૂણા ભીંજાઈ ગયા હતા અને તેઓ એકીટશે મીરને નિહાળી રહ્યા હતાં...!!

"એય લંગડા ! વાંઢો રહી જઈશ. નાતમાં રહેવું છે કે પછી..." મીરનો વડો બરાડી ઉઠ્યો.

"આમેય હું પરણ્યો નથી. અને નહીં પરણું એમાં પણ

સ્વામિનારાયણ ખુદાતાલાની રહેમહશે... હું તો જવાનો...'' લંગડા મીરે દૃઢતાથી જવાબ આપ્યો.

''હા ભઈ ! હા, જા તને સ્વામિનારાયણ મોટી પાઘ બંધાવશે, શિરપાવ આપશે. જા, જટ જા.'' મીરના વડાએ ઠાવકાઈથી કહ્યું.

''મારે કોઈ એવી લાલચ નથી, બસ... એ ખુદા છે એટલું મારે મન બસ છે. મારા જેવા સામાન્ય જીવ ઉપર પણ એ ખુદા મીઠી નજર તો કરશે ને !''

ગગાભાઈએ વિચાર્યું કે આ મીરને નાતીલા આવવા નહિ દે. એમણે મીરને કહ્યું : ''મારી સાથે અત્યારે જ ચાલ, તારું ગાંબાળું લઈ લે !'' ગગાભાઈએ ત્રાસા સહિત એને ઘોડી પર લઈ લીધો.

લંગડો મીર કહે : ''બાપુ ! મારા મેલા-ઘેલા લૂગડાં છે...''

''કંઈ વાંધો નહીં, ત્યાં નવા પહેરાવી દઈશું !''

પૂંછડાનો ઝૂંડ વાળતી ઘોડી પંથે પડી. સંધ્યાના રંગ આ અસવારો પર ઢોળતા સૂરજદેવ આથમણી કોરે પોઢી ગયા ને ઘોડીએ પલકમાં જૂનાગઢ પહોંચી શ્વાસ લીધો.

જૂનાગઢની શેરીઓમાં ને ચૌટા પર લોકો સવારી નીરખવા ટોળે વળ્યા છે. કાઠી-દરબારોની રાંગમાં કાઠિયાવાડ-પંચાળના ઘોડા-ઘોડીયું ઠમકી રહ્યા છે. પચાસેક ઘોડાનો વાજ હાવણ્યું દઈ રહ્યો છે. પણ એ બધામાં માણકી નચાવતા ભગવાન શ્રીહરિના તેજ કંઈ જુદાં જ તરી આવે છે. એ જાતવંત માણકી, કેસૂડાની કળી જેવી કાનસૂરી પ્રભુ તરફ માંડી રહી છે. માથે કેસરના તંતુ જેવી કલગી સોહે છે, એની મુખરેખા તો જાણે કલ્પવૃક્ષના ફૂલને પણ શરમાવે છે !

રૂમઝૂમ રૂમઝૂમ પગલાં ભરતી, પીઠ પર બેઠેલા શ્રીજીપ્રભુને હેતની હાવણ્યું દેતી, ઝાંઝર ઝણકારતી એ ઠમકી રહી છે.



ટણણણન્ તન્ તન્ ઘણણણન્ ઢીબાંગ... સવારીના મોખરે લંગડો મીર બેઉ હાથમાં દાંડી લઈ ત્રાસું પીટતો હતો. તાલ અને સૂરમાં એવો તો નાદ ગાજે છે કે જાણે એક સાથે એકાવન ત્રાસાં ગડેડી રહ્યાં ન હોય !

માણકી પર બિરાજમાન શ્રીજીમહારાજની આંખો એ લંગડા મીર પર મંડાણી. મીરની આંખો પણ મહારાજની સામે એક થઈ. મુખના મરકલડે, પાંપણના પલકારે ભગવાન શ્રીહરિએ આ લંગડા મીરને ઝકડીને બાંધી લીધો !

**''ઓહ પરવરદિગાર ! શું તમારું રૂપ છે ! શું આંખોના તેજ છે ! બસ, પીતો જ રહું, એ અમીમાં સ્નાન કરતો જ રહું...''** એવા હૈયાના વલોવાયેલા શબ્દો મીરના મુખેથી સરી પડ્યા. મહારાજની છબીને નીરખતો એ સામાન્ય માનવી લંગડો મીર ત્રાંસા પર સુવાળી દાંડી પીરસી રહ્યો છે. સવારી મંદિર પાસે વિરમી.

''નાજા ! આ ત્રાંસા વગાડનાર મીરને અમારી પાસે દરબારમાં લેતા આવજો.'' મહારાજે કહ્યું.

લંગડા મીરને ખબર આપાવામાં આવી : 'સ્વામિનારાયણ ખુદાતાલાએ મને બોલાવ્યો !!' એ વિચારમાત્રે લંગડો મીર આશ્ચર્યચકિત થઈ ગયો. એ ઝટપટ શ્રીજીપ્રભુ પાસે પહોંચી અને **પ્રણામ** કર્યા.

ભગવાન શ્રીહરિએ આજે એક સામાન્ય મીર પર હેતની અમીવર્ષા વરસાવી. પોતે ધારણ કરેલી સોનેરી તારવાળી કિંમતી પાઘ એના માથે મૂકી દીધી ! સંતો-ભક્તો, કાઠી-દરબારો 'હા... હા...મહારાજ' કરતાં રહ્યા ને દયાસાગર દિનાનાથે એક ઊતરતી જાતિના, ગરીબ જેવા મુસ્લિમને જાણે નવાજી રહ્યાં !

શ્રીજીમહારાજ કહે : "મીર ! તારા પર અમારી પ્રસન્નતા આજ વરસી ગઈ ! કારણ કે તે લોકલાજ, નાતની લાજ અને દીવાનની દબાવણી બધાનો ત્યાગ કરી ત્રાંસા વગાડ્યાં છે !"

"હે અલ્લા પરવરદિગાર નિગાહ રાખજો, આપ તો જાણો છો, કદાચ મારા દિલમાં કૂડો વિચાર થયો હશે તો પણ હું ભ્રષ્ટ નથી થયો. મારી આટલી મુરાદ સુણજો પ્રભુ !" લંગડા મીરે ભગવાન શ્રીહરિને **પ્રાર્થના** કરી.

શ્રીજીમહારાજ તેનો નિષ્કપટ ભાવ જાણીને વારી ગયા. તેને ભેટી પડ્યા, અને કોલ આપ્યો : **"તારા અંતકાળે અમે હાજર થઈને તને અક્ષરધામમાં તેડી જશું."**



**આ લોકમાં અંત સમયે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની પીડા કરતાં પણ અધિક દુઃખ થાય છે, તથા બીજી પણ શરીર સંબંધી જે જે પીડાઓ કહેવાય છે; તે વેદનાઓનું દુઃખ જો તમારા ભક્તજનોને ભોગવવાનું લખ્યું હોય તો તે મને પ્રાપ્ત થાઓ પણ તમારા ભક્તો દુઃખી ન થાય.**

હજારો વર્ષની સાધના કરતા પણ જેનો અણસાર ઋષિઓ પામી શક્યા નથી એ અક્ષરધામની પદવી લંગડા મીરને શ્રીજીપ્રભુએ હોંશે... હોંશે આપી દીધી !!!

આવા સોંઘા થયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણને જેતપુરમાં ધર્મધુરા ગ્રહણ કરતી વખતે પણ પોતાના આશ્રિતોની જ ચિંતા હતી, એટલે તો સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગ્યા. જેની નોંધ લેતા **સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી** 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં લખે છે :

'इह च यदुरुदुःखमन्तकाले
ह्यगणितवृश्चिकदंशतुल्यमाहुः ।
यदितरदपि तच्च वैष्णवानां भवतु
ममाथ च ते तु सन्त्वदुःखाः ॥'

આ લોકમાં અંત સમયે મનુષ્યોને અગણિત વીંછીઓના દંશની પીડા કરતાં પણ અધિક દુઃખ થાય છે, તથા બીજી પણ શરીર સંબંધી જે જે પીડાઓ કહેવાય છે; તે વેદનાઓનું દુઃખ જો તમારા ભક્તજનોને ભોગવવાનું લખ્યું હોય તો તે મને પ્રાપ્ત થાઓ પણ તમારા ભક્તો દુઃખી ન થાય.

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૯/૮૩)

'क्वचिदपि भुवि
कृष्णभक्तिभाजां
निजकृतकर्मवशादवश्य
भोग्यम् ।
इह यदुरु तथाऽन्नवस्त्रदुःखं
तदपि ममास्तु न तु प्रजेश !
तेषाम् ॥'

આ લોકમાં ભગવદ્‌ભક્તિ કરનારા તમારા ભક્તજનોને પોતાના કઠિન કર્મ સંજોગો વશાત્ ક્યારેય પણ અન્ન વસ્ત્રાદિકની પીડા અવશ્ય ભોગવવાની લલાટમાં લખી હોય તો તે પીડા મને આવે પણ તેઓ અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.

(શ્રી સત્સંગિજીવન : ૧/૫૯/૮૪)

આજ વાતને દોહરાવતા **શ્રીજીમહારાજ** પ્રથમ પ્રકરણના વચનામૃતમાં કહે છે :

'તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહિ; અને તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર (ભીખ માગવાનું) લખ્યું હોય તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.'

(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ : ૭૦)

આથી જ ભગવાન શ્રી સ્વામિનારાયણનું એક એક વચન એ ભક્તોના હૈયે કંડારાઈ ગયું અને જાણે શ્રીજીપ્રભુ એ ભક્તની અંદર રહીને વાતો અને વર્તન કરાવે છે કે શું ? એ જ કહેવું મુશ્કેલ હતું. સામાન્ય માનવીના વર્તન એ જ ભગવાન શ્રીહરિની સાક્ષી પૂરે છે.

'સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય' નામના પુસ્તકમાં પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક **કિશોરલાલ મશરૂવાળા** કહે છે : - "ગુજરાત-કાઠિયાવાડની શૂદ્ર જાતિઓની ધાર્મિક ઉન્નતિ કરનાર પણ સ્વામિનારાયણ પહેલા હતા. એમણે કહેવાતી નીચ જાતિઓમાં એટલું બધું કાર્ય કર્યું હતું કે જૂના



> "જાઓ, બ્રાહ્મણો જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે. બ્રાહ્મણો શરમાઈ જાય તેવા વિશુદ્ધ વર્તન તમારાં થશે." અને આશીર્વાદને ઈતિહાસે પ્રત્યક્ષ નિહાળ્યા.

સાંપ્રદાયીઓનો સ્વામિનારાયણના ઘણાખરા શિષ્યો કડિયા, દરજી, સુથાર, ખારવા, મોચી અને ઢેઢ હતા, એ જ તે ધર્મનો વિરોધ કરવાને સબળ કારણ લાગતું હતું... નીચી જાતિઓને સુસંસ્કૃત કરવાની સ્વામિનારાયણની પદ્ધતિ જુદા પ્રકારની હતી. એમનો સુધારો ઉચ્ચ જાતિઓને હલકી જાતિઓ સાથે ભેળવી દઈને ઉચ્ચ જાતિમાં હલકા સંસ્કાર પાડવાનો ન હતો, પણ નીચ જાતિઓનો ચઢાવી એમનામાં ઉચ્ચ જાતિના સંસ્કાર પાડવામાં સમાયો હતો. એટલે એમણે ઢેઢ, મોચી, સુથાર, કણબી અને મુસલમાન સુદ્ધાંને શુદ્ધ બ્રાહ્મણ જેવી રહેણી રહેતાં શીખવી દીધું. મદ્ય, માંસ ખાવું નહિ, ગાળ્યાં વિનાનાં દૂધ-જળ પીવાં નહિ, અરે, ડુંગળી-લસણ અને હિંગ જેવી વસ્તુઓનો પણ ત્યાગ રાખવો - એ સ્વામિનારાયણીય સંસ્કારો હતા.''

ભગવાન શ્રી સ્વામિનારાયણે સામાન્ય અને નિમ્ન ગણાતી જાતિઓનું સંસ્કાર આપીને કેવું **ઊર્ધ્વીકરણ** કર્યું હતું એ કેટલાક **ઐતિહાસિક પ્રસંગો**થી સમજીએ.

ગુજરાતના ઝાલાવડ પ્રદેશમાં આવેલા લીંબડીની બાજુના **લીમલી** ગામના **સગરામવાઘરી** એકવખત શિયાણી ગામના વિદ્વાન શિવરામ વિપ્ર સાથે મુસાફરી કરી રહ્યા હતાં. બંનેને તરસ લાગી તેથી ભોગાવા નદીમાં પાણી પીવા ગયા એ વખતે શિવરામ વિપ્રે સીધું જ ખોબે ખોબે પાણી પીઈને પેટ ઉપર હાથ ફેરવી તૃપ્તીનો ઓડકાર લઈ લીધો. અને સગરામે તો પોતાનો લોટો કાઢ્યો. લોટાને રેતીથી માંજ્યો. એના ઉપર ગરણું મૂકી એમાં પાણી ગાળ્યું. અને ત્યારબાદ ભગવદ્‌સ્મરણ સાથે જળપાન કર્યું. વિદ્વાન શિવરામ ભટ્ટ એક વાઘરીની આટલી શુચિતા જોઈને આશ્ચર્યચકિત જ થઈ ગયા.

❖ ❖ ❖ ❖ ❖

વડોદરા પાસે **છાણી** ગામમાં હરિજન **વણકર તેજાભાઈ** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિત સત્સંગી થયા હતા. એમના વર્તનની અસર ગામના અન્ય હરિજનો પર પડી. હરિજનોનું સઘળું વૃંદ સ્વામિનારાયણીય શુદ્ધ આચાર-વ્યવહારથી અલંકૃત બન્યું. છાણી ઉપરાંત આસપાસનાં કરચિયા, બાજવા, સાંકરદા, પોઈચા, ભાદરવા, વાસણા, કોતરિયા વગેરે ઘણા ગામોમાં અનેક હરિજન કુટુંબોમાં સ્વામિનારાયણીય પ્રભાવ પથરાઈ ગયો. એક વખત ભગવાન શ્રી સ્વામિનારાયણ સયાજીરાવ(બીજા)ના આમંત્રણથી વડતાલથી વડોદરા જવા નીકળ્યા હતા. રસ્તામાં **છાણી** ગામના પાદરે આ હરિજન ભક્તોનો સંઘ શ્રીજીમહારાજને વધાવવા માટે ઊભો હતો. એક વૃક્ષ નીચે મહારાજને પધરાવીને સૌએ **સત્કાર-પૂજન** કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમનો ભાવ અંગીકાર કર્યો. હરિજનોને શ્રીજીમહારાજ સ્વીકારતા હોવાથી ગામના આગેવાનોએ ઢંઢેરો પિટાવી જાહેરાત કરી હતી કે 'બ્રાહ્મણ, વાણિયા, વૈશ્ય કે ક્ષત્રિય, કોઈપણ ઉચ્ચ વર્ણના માણસે સ્વામિનારાયણના દર્શને જવું નહિ.' આથી અહીં એકલા હરિજનો જ દર્શને આવ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણ આ વિગત જાણી હરિજનોની ભક્તિથી પ્રસન્ન થયા અને **આશીર્વાદ** આપતા મહારાજે કહ્યું : ''જાઓ, **બ્રાહ્મણો જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે.** બ્રાહ્મણો શરમાઈ જાય તેવા **વિશુદ્ધ વર્તન** તમારાં થશે.'' અને આશીર્વાદને ઈતિહાસે પ્રત્યક્ષ નિહાળ્યા. એ આશીર્વાદના પ્રતાપે દલિતવર્ણોમાં એવા **અનેક રત્નો** પાક્યાં છે કે જેમનું પુણ્ય સ્મરણ કરતાં આજે સૌ **ધન્યતાનો અનુભવ** કરે છે. એવા નામાંકિતોમાં કવિ **નારણદાસ પૂંજાભાઈ**નું નામઅમર છે. સંપ્રદાયમાં સંતો-હરિભક્તો આજે પણ નારણદાસનાં ભક્તિપદોને ભાવલીન થઈને ગાય છે ત્યારે એક અલૌકિક વાતાવરણ ખડું થાય છે. આજે પણ છાણી, ભાદરવા , સાંકરદા વગેરે ગામોના હરિજન સત્સંગીબંધુઓ બ્રાહ્મણોને પણ શરમાવે

તેવું જીવન જીવી રહ્યા છે.

❖ ❖ ❖ ❖ ❖

જૂનાગઢના નવાબી રાજ્યમાં મહેસૂલ ખાતાના એક ઉચ્ચ નાગર અધિકારીની પત્નીએ વધી પડેલી કઢી 'ગોવા' નામના એક હરિજનને આપી. ગોવાએ કહ્યું : **"બા ! તમારી કઢી અમને ન ખપે."** એ નાગર ગૃહિણીએ આશ્ચર્યચકિત થઈને કારણ પૂછ્યું તો ગોવાએ જવાબમાં કહ્યું : "બાસાહેબ ! રાજી રહેજો. તમારું અપમાન કરવા નથી કહેતો પણ તમે રહ્યા નાગર બ્રાહ્મણ. નાગરો સ્વાદિયા બહુ હોય એટલે કઢીની અંદર **લસણવાળી ચટણી** નાંખી હોય અને અમારા માટે એ **અભક્ષ્ય** કહેવાય. અમે લસણ-ડુંગળી ખાતા નથી." ઘરમાં અંદર બેઠેલા નાગર અધિકારી પોતાનાં પત્ની અને હરિજન ગોવાનો આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. એ બહાર દોડી આવ્યા. ગોવાને મળીને, તેની વાતો સાંભળીને અવાચક્ બની ગયા. એમણે ગોવાનો પરિચય માંગ્યો. ગોવાએ કહ્યું : "હું અહિંયા સ્વામિનારાયણ મંદિર છે, ત્યાં સ્વચ્છતાની સેવા કરવા જાઉં છું, સંતોને સેવામાં મદદ કરું છું, અને એમની વાણી સાંભળું છું - એનો આ પ્રતાપ છે !" સ.ગુ. શ્રી નારાયણદાસજી સ્વામી પ્રત્યે તેમને ખૂબ અનુરાગ હતો. એ અધિકારીએ કહ્યું : "ગોવા ! આજથી તારે મેલું ઉપાડવાનું બંધ. તું આજથી સૌનો મુકાદમ(મજુરોનો આગેવાન). રાજના ખર્ચે તને મકાન આપીશ, તારે એમાં રહેવાનું ને ભજન કરવાનું."

(પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સત્સંગની શુભ વાર્તાઓ : ભાગ-૩)

❖ ❖ ❖ ❖ ❖

સૌરાષ્ટ્રમાં આવેલા **તડ** ગામના **જેઠા કોળી**ની વાત પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. જેઠો બ્રાહ્મણ જેવા આચાર રાખે. એક અમલદાર સીમજોવા નીકળ્યા. છેટેથી પૂછ્યું : "ઓલ્યું કોનું સાંતી છે ?" ત્યારે એક પટેલે કહ્યું : "કોળીનું છે." એ સમયે સુખી ખેડૂતોને ત્યાં બળદો હોય પણ નિમ્ન વર્ણના એ ગરીબ લોકોને ત્યાં તો  ક્યાંથી હોય ? આથી અમલદારે આશ્ચર્ય પામતાં પૂછ્યું : "એ કોળી બળદ રાખે છે ?" પટેલે કહ્યું : "એના બળદ જેવા બળદ આખા ગામમાં કોઈની પાસે નથી !"

અમલદારે જેઠા કોળી પાસે જઈને બધું પૂછ્યું. પછી તેની નજર દૂર પડી અને પૂછ્યું : **"ઓલ્યું બોરડીના ગળાચા નીચે શું છે ?"**

જેઠો કહે : "પાણીની ભંભલી છે, તે ઉપર કાગડો બેસી ન જાય એટલા માટે પાલેરું માથે રાખ્યું છે."

**"લોટો કેમછેટે રાખ્યો છે ?"**

ત્યારે જેઠો કહે : "દિશાએ જવું હોય તો પાણી લેવું જોઈએ ને ! ને પાણી પીવાનો લોટો જુદો છે !"

જેઠા કોળીની સ્વચ્છતા-શુચિતાની વાત સાંભળી અમલદાર **આશ્ચર્યમાં ગરકાવ** થઈ ગયો.

પટેલે જેઠાની તારીફ કરતાં કહ્યું : "સાહેબ ! આ ગામમાં આ એકલો જેઠો જ એવો છે કે જે એકાદશી પાળે છે ને અન્નવસ્ત્ર ને આબરુ એના જેવા કોઈને નથી. તે દર દશમીને રોજ ઊના મંદિરે જાય, એકાદશીનો ઉપવાસ કરે ને ભજન કરે. બારસે પારણાં કરી ઘરે આવે એવો એને નિયમ છે. સવારે નિત્ય ઊઠીને નાહીને પૂજાપાઠ કરે અને તિલક-ચાંદલો કરે ને ઊજળાં લૂગડાં પહેરે છે."

(શ્રી કૃષ્ણચરણદાસ સ્વામીનું જીવનચરિત્ર અને ઉપદેશ : વાત-૭૦)

માછલા મારીને નિર્વાહ કરતી અને ઢોર જેવી જિંદગી ગુજારતી એક ક્ષુદ્ર જાતિના લોકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે કેવા આબરુદાર કીધા હતા એ સમજવા માટે **ઉપરોક્ત પ્રસંગો** પૂરતા છે.

'સ્વામિનારાયણ તો એક સામાન્ય મોચી છે' એવા શબ્દોનો **અપપ્રચાર** ગુજરાતના અર્વાચીન સાહિત્યના તેજસ્વી સિતારા સમાન **કવીશ્વર દલપતરામ**ના કાને અથડાયા. અને એની રોમાવલી ખડી થઈ ગઈ. તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણને સામાન્ય માનવી સાથે સરખાવનારને **જડબાતોડ જવાબ** આપતાં લખેલું કે :-

**સાખી :** 'રચી ચર્મના પૂતળાં, અખંડ અજોડ અભેવ;
તે પાછા જીવતાં કરે, તે મોચી મુજ દેવ.'
'ચામડાનાં પૂતળાં રચે છે ચતુરાઈ કરી,
ચામડાનાં બળદો ને બકરાં બનાવે છે;
ચામડાના હાથી ઘોડા હજારો હજાર રોજ,
જૂનાં ભાંગી જતાં જાય નવાં નિપજાવે છે;
ચામડાની ગાયો ભેંસો શુદ્ધ દૂધ દો'વા દે છે,
ચામડાના પોપટોને રાણીઓ પઢાવે છે;
કેવું ચામડાનું કામકીધું દલપતરામ,
એવા મોચીની વિશેષ ભક્તિ મને ભાવે છે. ૦૧
જેની જોતાં ગામો ગામપેઢીઓ છે ઠામો ઠામ,
ચામડાના ધંધાવાળો વડો તે વેપારી છે;
જૂનાં જૂનાં ચામડાંના છેક ચૂરેચૂરા કરી,
તે ચૂરાનાં તાજાં રચે, એવી હોશિયારી છે;
મોટા મોટા લોક જેના માલની સંભાળ રાખે,
ભૂપતિના ભૂપ તેહ, જેના કારભારી છે;
કેવું ચામડાનું કામ, કીધું દલપરામ,
એવા મોચીને વિશેષ વંદના અમારી છે.૦૨

હાડકાનો માળો માંસવાળો રુધિરાળો રચી,
કાચ જોડા જોડ જડ્યા કેમ ઘાલ્યા કોચીને;
ચતુરાઈ કરી વળી ચડાવ્યું રૂપાળું આળું,
ટેભો ન જણાય કેમઘાલી આર કોચીને;
હાલે ચાલે હામ ઘાલે ભાળે લડે ભેળ પાડે,
પ્રૌઢ જેવા પર્વતોને પાડે ટોચી ટોચીને;
કેવું ચામડાનું કામ કીધું દલપતરામ,
માન મેલી મોટા દેવ માનું છું તે મોચીને.૦૩'

શ્રીજીમહારાજે આપણા ઉપર અપાર દયા આણીને કલ્યાણ સરળ બનાવ્યું છે અને જ્યારે જ્યારે ભગવાનના ભક્તોને દુઃખ આવ્યા છે ત્યારે ત્યારે તેના દુઃખ કાપ્યા છે. સ.ગુ. શ્રી દયાનંદ સ્વામી પોતાના કીર્તનમાં લખે છે : **'જહાં જહાં ભીર પરે ભક્તનકું, તહાં તહાં હોત સહાઈ રે;'** જ્યારે પણ, જ્યાં પણ ભક્તોને દુઃખ આવે છે ત્યારે પરમાત્મા પોતાના શરણાગતની સહાય કરવા માટે દોડી જ આવે છે. આ ઘોરકળિકાળમાં પણ સાચા, શ્રદ્ધાળુ અને વિશ્વાસી ભક્તની સહાય ભગવાન શ્રીહરિ કરે જ છે.

શ્રીજીમહારાજે **ઓગણોતેરા કાળ વખતે** હરિભક્તોને પહેલેથી જ ચેતવી દીધા હતા. હરિભક્તોને આ વિષયક સંદેશો આપવા પોતે જાતે જ ઘોડા પર બેસીને એકલા જ નીકળી પડ્યા. **'દીવો ત્યાં દાતણ નહિ'** - એ પ્રમાણે કોઈ ઠેકાણે ઝાઝું રોકાતા નહિ અને ગામોગામ તથા ઘરોઘર ફરીને હરિભક્તોને સાવચેત કરતાં કહેતા : ''મહાભયંકર કાળ પડવાનો છે, તો દાણાનો સંગ્રહ અત્યારથી જ કરવા માંડજો. ઘરમાં નાણાં ન હોય તો ઘરવખરી વેચી નાંખજો. ઢોર, બળદ, ઘોડાં જે કાંઈ હોય તે વેચીને નાણાંમાંથી અનાજ લઈ લેજો.''

આ રીતે ભગવાન શ્રીહરિ ભક્તજનોને ઓગણોતેરા કાળમાં ઉપદેશ કરતાં અને ગામોગામ વિચરણ કરતાં કરતાં **વસો**માં જેસંગભાઈના ઘરે પધાર્યા. તેમણે અગિયાર મણ બાજરી કોઠીમાં ભરી હતી. શ્રીજીમહારાજે તેમની કોઠી છંદાવી અને સાણેથી જ બાજરો લેવાની આજ્ઞા કરી. અને એ પ્રમાણે કરવાથી તેમને અનાજની જરા પણ ખેંચ ન વર્તાણી. આવી રીતે **ઘણા હરિભક્તોની કોઠી છંદાવીને, અગાઉથી ચેતવીને કે અન્ય દ્વારા સહાય કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણે કપરા કાળમાં રક્ષા કરી હતી.** આમ, શ્રીજીમહારાજ પોતાના ભક્તોની સંપત્તિની, દેહની અને આત્મકલ્યાણની પણ રક્ષા કરતા.

મનુષ્યમાત્રનો એક સહજગુણ છે કે એના માટે કોઈ ગમે તેટલું ઘસાય, કે ગમે તેટલું આપે પણ એને કાયમ ઓછું જ લાગે. જ્યારે શ્રીજીમહારાજના સહજગુણનું વર્ણન કરતાં આમોદના વિદ્વાન પંડિત દીનાનાથ ભટ્ટે એક સ્તોત્રમાં લખ્યું છે કે 'अणुमपि अतुलं हि मन्यते।' - અર્થાત્ **ભક્તની રાઈ જેટલી નાની સેવાને** ભગવાન શ્રીહરિ **મેરુ પર્વત જેટલી મોટી** માની લેતા, અને તેની જાહેરમાં પ્રશંસા અને કદર કરતા.

એક વખત શ્રીજીમહારાજ ગઢપુરમાં મંદિર માટે લખણી કરતા હતા. તે વખતે બધા હરિભક્તોએ ખૂબ જ ઉમંગભેર પોતાની સેવા જાહેર કરી. છેવટે વૃદ્ધ દૂબળી ભટ્ટ ઊભા થયા. તેઓ મહારાજ પાસે આવ્યા. ધ્રૂજતા હાથે પોતાની પાઘડી ઉતારી અને વારાફરતી તેની ગાંઠો ખોલતા ગયા. એક ગાંઠમાં એક દોકડો (રૂપિયાનો સોમો ભાગ - એક નયો-પૈસો) એમ**તેર દોકડા** મહારાજ આગળ ધર્યા, અને તે સેવા લેવા માટે શ્રીજીમહારાજને વિનંતી કરી. દૂબળી ભટ્ટની મૂડી કે સર્વસ્વ - જે ગણો તે આ જ હતું. મહારાજ આ જોઈને ગળગળા થઈ ગયા અને તરત જ જયનાદ કર્યો. જાણે કે આ સેવાથી **મંદિરનું કામ હવે પૂર્ણ થઈ ગયું** હોય એવો આનંદ શ્રીજીમહારાજે વ્યક્ત કર્યો.

ભક્તવત્સલ ભગવાન અંતકાળે પોતાના ભક્તોને ભૂલ્યા નથી અને એમની બધી મનોકામનાઓ પૂર્ણ કરી છે. સં. ૧૮૮૬માં શ્રીજીમહારાજ ખૂબ જ બીમાર થઈ ગયા હતા. બધી જ ક્રિયા પથારીમાં જ કરતા, અને કાંઈ ખાતા-પીતા કે બોલતા-ચાલતા પણ નહિ. એ વખતે **રોજકાના કાકાભાઈ** પણ બીમાર હતા. તેમણે શ્રીજીમહારાજને પત્ર લખીને જણાવ્યું કે 'હે જીવનપ્રાણ ! આપનાથી બની શકે તો મને છેલ્લાં દર્શન દેવા પધારજો.' પોતાના ભક્તની આ વિનંતીને વશ થઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની માંદગીને અવગણીને **રોજકા** પધાર્યા અને બે દિવસ ત્યાં રહીને કાકાભાઈનો ભાવ પૂરો કર્યો.

એ જ રીતે **બોટાદના ભગા દોશી**ને આપેલા વચન પ્રમાણે શ્રીજીમહારાજ તેમને પણ અંતકાળે ધોધમાર વરસાદમાં ભીડો સહન કરીને દર્શન આપવા બોટાદ ગયા હતા. અને અંતકાળે પણ પોતાનું બિરુદ સાચવ્યું હતું કે **'મારા જનને અંતકાળે, જરૂર તેડવા આવવું; બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.'** આમ, પોતાના ભક્તોને અંતકાળે દર્શન આપીને સુખિયા કર્યા હોય એવા સંપ્રદાયના ઈતિહાસમાં અસંખ્ય પુરાવા મળે છે. પોતાના ભક્તોના **શ્રેય અને પ્રેયની સતત ખેવના કરનાર** આવા ભગવાન, અને તેમના માટે **સર્વસ્વ ન્યોછાવર કરનાર** આવા ભક્તો વચ્ચેનો **સંબંધ** સુવર્ણ અક્ષરે કોતરાઈ ગયો છે.

અહીં આપણે **'ભક્તવત્સલ શ્રીજીમહારાજને અર્થે કોઈપણ નિમિત્તે સ્વલ્પ કરેલી સેવાના બદલામાં પણ સામાન્ય માનવીને**

**અસામાન્ય બનાવી અક્ષરધામરૂપી મહાફળ આપ્યું'** તેના **પ્રસંગો** જોઈએ :

ભાલ દેશમાં **બરવાળા** ગામ છે ત્યાં શ્રીસ્વામિનારાયણનું મંદિર છે. તે મંદિર લીંપાવવું હતું. પછી હરિભક્તે તે મંદિર એક બાઈ પાસે પૈસા આપીને લીંપાવ્યું ને તે બાઈએ બહુ સ્નેહથી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું મંદિર જાણીને સારા ઓરકા પાડીને લીંપી દીધું. પછી તે બાઈ માંદી થઈ ત્યારે શ્રીજીમહારાજે તે બાઈને પ્રત્યક્ષ દર્શન દીધાં ને કહ્યું કે હે બાઈ અમારા ધામમાં ચાલો. ત્યારે તે બાઈ બોલી કે હે શ્રીસ્વામિનારાયણ હું તમારી સત્સંગી નથી ને તમારું ભજન પણ મેં કર્યું નથી. ત્યારે શ્રીજી બોલ્યા જે **હરિભક્તનાં કહેવાથી તમોએ અમારું મંદિર ઘણાં હેતથી ઓરકા પાડીને લીંપ્યું હતું** તેથી હું તેડવા આવ્યો છું. માટે મારા ધામમાં ચાલો. ત્યારે બાઈ કહે કે મફત લીંપ્યું નથી પણ મજૂરી લઈને લીંપ્યું છે માટે તમારી મરજી હોય તે પ્રમાણે કરું. પછી શ્રીજીમહારાજે તે બાઈનો દેહત્યાગ કરાવીને પોતાના અક્ષરધામમાં લીંપવા રૂપી સેવાથી પ્રસન્ન થઈને લઈ ગયા. એમ શ્રીજી આ વખતે અઢળક ઢળેલા છે માટે જે કોઈ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અલ્પ સેવા કરે છે તેને બહુ માનીને પોતાના અક્ષરધામમાં તેને વિમાનમાં બેસાડીને લઈ જાય છે. ॥૭૦॥

ગઢપુરથી શ્રીજીમહારાજ સખાઓને સાથે લઈને વડતાલ જતા હતા. ઘોડે બેસીને ચાલતાં ચાલતાં ભાલ દેશમાં સોઢીનું રણ આવ્યું. પછી શ્રીજીમહારાજે **સોઢી** નામનાં ગામની ભાગોળે જઈને સ્નાન કરવાના સંકલ્પથી **બાવળનું દાતણ** માગ્યું ત્યારે સુરાખાચર કહે, હે મહારાજ આ ખારો પાટ છે માટે ઝાડ બધાં બળી ગયાં છે માટે કહો તો ઝીલડાનું અથવા કેરડાનું દાતણ લાવી આપું. લોક તમામ તે ઝાડોનું દાતણ કરે છે માટે તેનું દાતણ આ ગામમાં મળશે પણ બાવળનું દાતણ મળશે નહિ. એવું સુરાખાચરનું વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે મારે તો બાવળનું દાતણ કરવું છે માટે તમો મારો વિશ્વાસ રાખીને ગામમાં ગોતવા જાઓ. એમશ્રીજીના કહેવાથી સુરાખાચર આખા ગામમાં દાતણ માટે ફર્યા પણ દાતણ મળ્યું નહિ. પછી કાઠીને જોઈને એક બીબડી બોલી કે બાવળનું દાતણ કરનાર નહિ લાજતો હોય લગાર. એમ બીબડી બોલી ત્યારે સુરાખાચર કહે ગામની ભાગોળે અલ્લા આવેલા છે તે અલ્લાને **બાવળનું દાતણ** જોઈએ છીએ માટે ગોતવા આવેલો છું. ત્યારે બીબડી બોલી કે અલ્લાને માટે જોઈતું હોય તો આવો, મારે હાથે મારા વાડામાંથી બાવળનું દાતણ કાપી આપું, કારણ કે અલ્લા માટે બે બાવળની સોટી ઉછેરી છે. પછી પોતાને હાથે બાવળની સોટી કાપીને સુરાખાચરને આપી. પછી હરખાતી તે બીબડી બોલી કે ભાગોળે અલ્લા આવ્યા હોય તો **અંતકાળે અલ્લા મને બાવળની સોટી લઈને તેડવા આવે** તેમ કહેજો. પછી સુરાખાચરે કહ્યું કે અલ્લાને કહીશ. એમકહીને સુરાખાચર શ્રીજીમહારાજ પાસે આવ્યા ને દાતણ આપી ને બધી વાત કરી. પછી શ્રીજીએ ત્યાં દાતણ કર્યું. પછી ધીમે ધીમે શ્રીજીમહારાજ વડતાલ પધાર્યા. પછી તે બીબડીનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ હાથમાં બાવળની સોટી લઈને તે બીબડીને ઘેર ગયા ને કહ્યું કે મારા ધામમાં ચાલો તમોએ મને બાવળનું દાતણ આપ્યું હતું તેથી તમારી ઉપર પ્રસન્ન થઈને તેડવા આવ્યો છું માટે તમારા સંબંધીની રજા માગીને ચાલો. પછી બીબડી પોતાના સગાની રજા લઈ વિમાનમાં બેસીને શ્રીજીમહારાજ સંગાથે **અક્ષરધામ**માં જતી હતી. ( શ્રી સહજાનંદ સ્વામિચરિત્ર : વાત-૭૧)

❖ ❖ ❖ ❖ ❖

ભાલદેશમાં **આખોલ** ગામછે તેમાં એક મનોરમ ભક્ત હતા. તેઓ નામ ધરમાદો આપતા તથા સંતોને જમાડી વસ્ત્ર ઓઢાડતા હતા. ને પોતે શેરડીનો વાઢ કરતા તે ભેગાં તુંબડાં વાવતા, તે તુંબડાં તૈયાર થાય ત્યારે સંતોને પોતાને ગામ બોલાવીને રસોઈ જમાડીને એક એક તુંબડું તથા વસ્ત્ર સંતને આપતા હતા. તેથી શ્રીજીમહારાજ બહુ જ રાજી થયેલા તેથી અંતકાળે રંગેલાં નવાં તુંબડાવાળા સંતોએ સહિત શ્રીજીમહારાજ ગામમાં થઈને મનોરમભક્તને ઘેર પધાર્યા ને આખા ગામને દર્શન દઈને મનોરમ ભક્તને પોતાના અક્ષરધામમાં વિમાનમાં બેસાડીને લઈ જતા હતા. એવી રીતે શ્રીજીમહારાજ આ વખતે અઢળક ઢળેલા છે તે શ્રીજીનો આશરો કરે છે તેને અક્ષરધામ આપે છે માટે શ્રીજીમહારાજના સત્સંગી થઈને તેમનું પ્રગટ ભજન કરવું તે સિદ્ધાંતછે.

( શ્રી સહજાનંદ સ્વામિચરિત્ર : વાત-૭૫)

❖ ❖ ❖ ❖ ❖

ગઢપુરમાં શ્રીજીમહારાજ **શ્રીગોપીનાથજીનું મંદિર** કરતા હતા તે સમયમાં મંદિરના પાયાનું કામ ચાલતું હતું ત્યારે શ્રીજીમહારાજ કહે આ ગોપીનાથજીનાં મંદિરના પાયામાં જે કોઈ માણસ એક શેરથી આરંભીને મણ સુધીનો પથરો નાંખશે તે મનુષ્યને મારા ધામમાં લઈ જઈશ. આવા શ્રીજીમહારાજના વચનને ગઢડામાં રહેલા **અલૈયાસ** નામના જમાદારે સાંભળ્યું. તેથી તે અલૈયાસ જમાદારે ઘેલા નદીમાંથી એક શેરનો પથરો લાવીને શ્રીજીમહારાજને દેખાડીને શ્રીગોપીનાથજીના મંદિરના પાયામાં નાખ્યો. ને અલૈયસે કહ્યું કે હે શ્રીસ્વામિનારાયણ મહારાજ નજર રખીયો. પછી તે અલૈયાસનો અંતકાળ થયો



**'ભક્તવત્સલ શ્રીજીમહારાજને અર્થે કોઈપણ નિમિત્તે સ્વલ્પ કરેલી સેવાના બદલામાં પણ સામાન્ય માનવીને અસામાન્ય બનાવી અક્ષરધામરૂપી મહાફળ આપ્યું'**

ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા ત્યારે અલૈયાસ કહે કે હે સ્વામિનારાયણ તમે મને તેડવા કેમ આવ્યા છો? અમને તો અમારા અલ્લા તેડવા આવે. ત્યારે શ્રીજીમહારાજ કહે મારા શ્રીગોપીનાથજીના મંદિરના પાયાનું કામ ચાલતું હતું ત્યારે તમોએ એક શેરનો પથરો પાયામાં નાખતી વખતે મને કહ્યું હતું જે નજર રખીયો તેથી તમને તેડવા આવ્યો છું. જુઓ આ તમારો પથરો એમ કહીને શ્રીજીમહારાજ પોતાના હાથમાં પથરો દેખાડીને પોતાના ધામમાં લઈ જતા હતા.

( શ્રી સહજાનંદ સ્વામિચરિત્ર : વાત-૭૬)

❖ ❖ ❖ ❖ ❖

ગઢપુરમાં **ઈચ્છારામભાઈ** માંદા થયા હતા તેમને જોવા ગઢડામાં રહેતા નાગર પંચોળી વૈદ્યને બોલાવ્યા. તેમણે નાડી જોઈને કહ્યું જે ઈચ્છારામ ભાઈને રેચ આપવો પડશે. માટે **એક હરડે** મંગાવો. પછી લાધા ઠક્કર હરડે લેવા બજારમાં ગયા. લાધા ઠક્કરે **જેરાજ સેલોત** શેઠની દુકાનેથી બાર આના આપીને એક હરડે લીધી તે હરડે ઈચ્છારામભાઈના કામમાં આવી તેથી શ્રીજીમહારાજ તે જૈન વાણીયા જેરાજ સેલોતને તેડવા અંતકાળે હરડે લઈને આવ્યા. ત્યારે જેરાજ સેલોત બોલ્યા કે હું તમારો ભક્ત નથી. ત્યારે શ્રીજીમહારાજ કહે કે તમોએ મારા ભાઈ ઈચ્છારામભાઈને માટે હરડે આપી હતી તેથી તેડવા આવ્યો છું ત્યારે તે જેરાજ સેલોત કહે પૈસા લઈને આપી હતી. ત્યારે શ્રીજીમહારાજ કહે બાર આનાને બદલે રૂપિયો લીધો હોત તોપણ આપત પણ તે હરડે અમારા કામમાં આવી માટે તમને ધામમાં તેડી જવા આવ્યો છું માટે ચાલો, એમ કહીને હાથમાં હરડે દેખાડીને શ્રીજીમહારાજ જેરાજ સેલોત જૈન વાણીયાને પોતાના અક્ષરધામમાં લઈ જતા હતા.

( શ્રી સહજાનંદ સ્વામિચરિત્ર : વાત-૭૭)

❖ ❖ ❖ ❖ ❖

એક વખત શ્રીજીમહારાજ **ભુજનગર** પધારે છે તેવા સમાચાર સાંભળવાથી ભુજનગરમાં રહેતા ભુજના રાજાના કારભારી સુંદરજીભાઈ તથા ગંગારામભાઈ મલ્લ આદિક હરિભક્તો **સામૈયું** લઈને વાજતેગાજતે શ્રીજીમહારાજ સન્મુખ ભાગોળે ગયા. ત્યાં આવેલા સંતોએ સહિત શ્રીજીને દંડવત્ પ્રણામ કરી શ્રીજીમહારાજને પાલખીમાં બેસાડી વાજતેગાજતે ભુજનગરમાં સુંદરજીભાઈના મુકામમાં ઉતારો કરાવ્યો ત્યાં ગાદીતકીયાવાળી પાટ ઉપર શ્રીજીમહારાજ સર્વને સુખશાંતિથી દર્શન થાય તે માટે સભામાં બિરાજમાન થયા હતા. પછી સુંદરજીભાઈ આદિક તે ગામમાં રહેતા હરિભક્તો શ્રીજીને ભેટમાં એક રૂપિયો તથા નાળિયેર, સાકરનો પડો વિગેરે પોતાની શક્તિ પ્રમાણે શ્રીજીમહારાજને અર્પણ કરીને સૌ ઊઠીને પાછા સભામાં બેસતા હતા. તે સભામાં એક વાણીયો બેઠો હતો તેણે પણ પોતાને ઘેર જઈ, વેચવામાં નહિ ખપેલું ઘણાં દિવસથી ઘરમાં અથડાતું ખોરું નાળિયેર એક ખૂણામાં પડ્યું હતું તે પોતાને ઘેરથી લાવીને શ્રીજીમહારાજને ભેટ મૂકયું. ત્યારે મહારાજે હાથમાં લઈને તે નાળિયેર ખખડાવી જોયું જેથી શ્રીજી કહે **આ નાળિયેર ખોટું છે !** ત્યારે તે વાણીયો કહે **નાળિયેર ખોટું છે પણ તમો તો ખોટા નથી ને ?** માટે તમો અંતકાળે મને તેડવા આવજો. આવું કહેવાથી શ્રીજી કહે વાણીયો અમને પણ ઠગે છે, ખોટું નાળિયેર આપીને અમને કહે છે કે અંતકાળે તેડવા આવજો માટે અમે તો ખરા ભગવાન છીએ માટે અંતકાળે તે વાણીયાને તેડવા જઈશું. એમ કહીને તે વાણીયાનો અંતકાળ થયો ત્યારે શ્રીજીમહારાજ હાથમાં નાળિયેર લઈને તેડવા ગયા ને પોતાનાં અક્ષરધામમાં લઈ જતા હતા. આવા શ્રીજીમહારાજ દયાળુ છે. માટે તેમનું ભજન કરીશું તો જરૂર પોતાના ધામમાં આપણને પણ લઈ જશે એ નિઃશંક વાત છે.

( શ્રી સહજાનંદ સ્વામિચરિત્ર : વાત-૭૮)



જો નિર્માલ્યતા ભરેલી - નીચી
વિચારધારાનો ત્યાગ કરી આદર્શ
પુરુષોની વિચારધારાને, અપનાવે
અને સત્સંગમાં સાવધાન રહે તો...

# આજનો યુવાન પણ અવશ્ય ગુણવાન બની શકે છે !


સાધુ યોગેશ્વરદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી


**'મહેકી ઉઠે જમાનાના જમાનાઓ ફરી,**
**કોઈ કળી ભરી એવી મહક છે કે નહી ?**
**જેના ઓજસથી પહોચે કાફલાઓ મંઝિલ પર,**
**એવી એકેય સિતારામાં ચમક છે કે નહી ?'**

કોઈ કોલેજની બહાર કેન્ટિન આગળ આઠ-દશ કોલેજિયનો ઉભા હતા. એક સિગરેટનો કશ લેતો હતો, બીજો સેન્ડવિચ ચીકન ખાતો હતો, ત્રીજો દારૂના પેગ ઉપર પેગ ઢીંચતો હતો.

એક બોલ્યો મનમોહનસિંહ તો બાયલો નીકળ્યો. આતંકવાદીઓ જોડે સ્નેહમિલન કરે છે. ચા-પાણી કરે છે.

બીજો બોલ્યો જો મને તક મળે તો એ.કે. ૪૭થી બધાને ઉડાવી દઉ.

ત્રીજો થોડોક ઈતિહાસ જાણતો હોય તેમ ઠાવકા મોએ બોલ્યો, પેલો ટકલુ ગાંધીજીએ બંગડી પહેરી હોય તેમ અહિંસા અને સત્યાગ્રહના તોફાનમાં દેશને બરબાદ કર્યો. એ જો જીવતો હોત તો હું જ નાથુરામ ગોડસે બનત એને લોકોએ પત્થરો મારીને મારી નાખ્યો હોત પણ એનું ખૂન થવાથી એ હીરો બની ગયો ! રાષ્ટ્રપિતા થઈ ગયો, એ ટકલુએ દેશની દશા બગાડી નાખી.

રાજકારણની વાતોને કાપીને એક બોલ્યો અરે, આજે રાત્રે તો પિન્ટુએ તેના હેપી બર્થડે નિમિત્તે રાતે ફાઈવસ્ટારમાં પાર્ટી બોલાવી છે. પેલી સુપ્રસિધ્ધ અભિનેત્રીને બોલાવી છે. બહુ મજા આવશે.

અને... સ્કુટરોને કીક મારીને સહુ પોત પોતાના રસ્તે પડી ગયા.

લગભગ સમસ્ત નવી પેઢી ભોગવાદમાં સરકી જઈને નિર્માલ્ય, નિર્વીર્ય, નિષ્ક્રિય બનીને, નિંદા-કુથલી કરવા સિવાય હલકી કક્ષાના વિષયો ઉપર વાતો કરવા સિવાય એની પાસે કોઈ જ મસાલો નથી.

**આ છે આજનો યુવાન.**

અરે ! એ તો દારૂ પીએ છે... અને ડીસ્કોમાં નાચે છે... માતા-પિતાને કાનના કીડા ખરી જાય એવી હલકી ગાળો આપે છે.

ઓયે... ઓયેના વનમાં અટવાયો છે. અને **પાન પરાગમાં પાયમાલ** બન્યો છે.

ડીસ્કોડાંસીંગ, ડ્રેસીંગ અને **મેચીંગમાં માયકાંગલો** બન્યો છે. તો સાથે સાથે ગુપ્ત રોગોનો ભોગ પણ બની ચૂક્યો છે. વિશ્વાસઘાત જેને માટે ડાબા હાથની રમત છે તો નીરૂત્સાહ એ તેનો જીવન પ્રાણ છે.

આજનો યુવાન ! અનાથ છે... નિરાધાર છે અને બેચેન છે... નિષ્ક્રિય છે... નિર્માલ્ય છે અને કંટાળેલો છે... ધરતી ઉપર આજે એક તદ્દન નવી **ડીસ્કો દીવાની પેઢીનું અવતરણ** થઈ ચૂક્યું છે.

ટી.વી.- વીડિયોની ચેનલો દ્વારા, ગંદી બુક્સોના વાંચન દ્વારા જેણે શરીરની બધી જ શક્તિઓને ધોઈ નાખી છે. એવો આજનો **માયકાંગલો યુવાન** પોતાની **જીવન નૈયાને સ્મશાન તરફ** સ્પીડમાં લઈ જઈ રહ્યો છે.

ટૂંકમાં બધી બાજુથી યુવાનોનો અભ્યાસ કરતા આજની મોટાભાગની યુવા પેઢીની ઈચ્છા **નાયક** બનવાની નથી પરંતુ **ખલનાયક** બનવાની છે.

બિચારો યુવાન ! પોતાના કાબરચીતરા **ભયાનક ભૂતકાળ** તરફ ડોકિયુ કરે તો ચીસ પાડી દે ! પોતે જ પોતાને જોઈ ન શકે.

બહુ ખરાબ રીતે જીવન જીવીને તનને નિચોવી નાખ્યું છે.

મનને **સત્વહીન** બનાવી દીધુ છે. **જીવનની ચાદર** રસોડાનાં મસોતા કરતાય વધુ કાળી થઈ ચૂકીછે.

સ્કુલ અને કોલેજોમાંથી નીકળતા વિદ્યાર્થીઓની વાતો સાંભળો, બસની ક્યૂમાં ઉભેલી વિદ્યાર્થિનીઓની વાતો જરા સાંભળો, ખૂણામાં ટોળુ વળીને ઉભેલી યુવાન અને યુવતીઓની ટોળકીઓની **ચર્ચાનો વિષય** શું છે ? એ જરા ક્યાંક છુપાઈ જઈને સાંભળીલો તો તમને ચક્કર આવી જશે.

ટી.વી. ચેનલો, કોલેજોમાં ફેલાયેલી જાતીય વાસનાઓની ધૂમહવા રોઝ-ડે, વેલેન્ટાઈન-ડે, ફ્રેન્ડશીપ-ડે, ક્રીસમસ-ડે, નવરાત્રીના ગરબા, રેગીંગ વગેરેનું આભ ફાટ્યું છે. બધી મર્યાદાઓ તૂટી છે. મૂલ્યો મોતના બિછાને પડ્યા છે. સધવા-વિધવા વચ્ચે જાણે **નાનકડી મર્યાદા**ની લીટી હોય તોય ઘણું. બાકી ભાઈ-ભાભી, દિયર-ભોજાઈ, સસરો-વહુ, મામા-ભાણી, કાકો-ભત્રીજી વગેરે બધા સંબંધોમાં **મોટી તિરાડો** બેશરમબનીને પડીછે.

**આજનો યુવાન !** દશ-બાર વર્ષની વયે જ તેને કોકે કાનમાં સળી કરીને કે ગંદી ચેષ્ટાઓ કરીને હસ્તમૈથુન, સજાતીય વ્યભિચાર કે વિજાતીય-વ્યભિચાર તરફ દોરી નાંખ્યો ! બસ પછીતો એજ માર્ગે એ ચાલવા લાગ્યો. ધસમસતો દોડવા લાગ્યો યુવાન થતા પહેલાતો એનું **યૌવનકુસુમ** કરમાઈ પણ ગયું એ બધી વીર્યશક્તિ ખોઈ બેઠો એનો ઉત્સાહ ભંગ આરોગ્યભંગ અને આબરૂભંગ થઈ ચૂક્યો ! ઉત્સાહહીન, આબરૂહીન માણસ તો જીવતોછતા મરેલોછે ! સુખી દેખાતોછતા દુઃખીછે ! શ્રીમંતછતાં અંદરનો ભિખારીછે.

અંદરનું પાણી જેનું ખતમથઈ જાય એ માણસ ક્યાંકથી સુખ મેળવવા કોશિશ તો કરવાનો જ, એ સુખ મેળવવા જતા જો એ ઉત્સાહ વગેરેથી તૂટી જાય તો તે ડ્રીન્કસ, ડ્રગ્સની આદતથી મજબુર બનવાનો, ડીસ્કોમાં ભટકવાનો, સુવાળો સંગ શોધવાનો... તે આત્મા લબાડ પુરૂષ બનીને જ રહેવાનો.

કામાતિરેક, અતિશય દારૂ-પાન અને ભયંકર રીતે ડ્રગનું એડીકટ પણું તેમના વીર્યકોશને ક્યારનું ખતમકરી ચૂક્યું છે. હવે શું ભોગવે ?

હા... ટૂંકમાં એનો સૂર્ય મધ્યાહ્નને આથમી જવાનો,... એનું જીવન લંબાય તોય એના રોગોનું જ જીવન લંબાશે જેમાં ત્રાસી જઈને તે આત્મહત્યા કરી લેશે.

ઓ યુવાનો ! ભોગમાર્ગે કામ-તૃપ્તિ કદી થતી નથી. મહારાજા યયાતિએ આ ઝેરનું પારખું કરીને **અઘોર નિષ્ફળતા** પ્રાપ્ત કરીછે.

યુવાનો ! જોયુને ? કામમાર્ગે ચાલનારા પશુવત્ ધસી જનારાઓના કેવા હાલ હવાલ થયા છે ! માટે જ કહું છું. વીર્યરક્ષા કરો, **કામવૃત્તિને શાંત કરવા માટે કામોત્પાદક નિમિત્તોની પાસે ફરકવાનું બંધ કરો.** જો આગને અડશો તો દાઝવાના જ છો, તમે જો આગની પાસે જ નહિ ફરકો તો તમને દઝાડનારો આ દુનિયામાં કોઈ ભડનો દીકરો હજી સુધી પેદા થયો નથી.

બસ... તમારી **પવિત્રતાની ઉંચાઈ**ને દિવસે દિવસે વધારતા રહો.

હવે જે ગયો, ભૂતકાળ, ખરડાયેલો, ગંધાયેલો, નિષ્ફળ ગયેલો ભલે ગયો. તેથી તૂટી ન પડો. Let the bygone be the bygone. હવે દરેક **આવતી કાલને ઉજળી** બનાવવા માટે **સજ્જ** થઈ જાઓ.

પેલી પનિહારી ! કેવી ચાલાક હોય છે ! ખાલી ડોલ સાથે બાંધેલું રાંઢવું સડસડાટ કૂવામાં છોડતી જાય છે. જોનારાને લાગે કે આખુંય રાંઢવું તેના હાથમાંથી સરકી જઈને કૂવા ભેગું થશે પરંતુ ના... એકવેંત જેટલા રાંઢવાના છેલ્લા ભાગે જાડી ગાંઠ મારેલી હોવાથી ત્યાં તે પકડી રાખે છે. આથી હવે ભરેલી ડોલ સાથે આખુ રાંઢવું બહાર આવી જાયછે.

જો **થોડીક પણ ક્ષણો** જીવનની બાકી હોય તો બધી **હારની બાજી** જીતમાં ફેરવી શકાય તેમછે. જે **યુવાનનું જીવન** હજી તો વર્ષોનું બાકી ગણી શકાય એતો ખૂબ સહેલાઈથી બીગડીને સુધારી શકે તેમછે.

યુવાન એને કહેવાય કે જેનામાં શૌર્ય હોય, શૌર્યની આગથી ધગધગતો હોય, એના શૌર્યને કોઈ જુએ તો પણ દાઝી જાય એનામાય ભડકો થઈ જાય એવો એ આદમી હોય.

જેણે આવા શૌર્યથી ધગધગી ઉઠવુ હોય-તેણે જર્મન ચિંતક **નિત્સે**નાં ત્રણ અંગ્રેજી વાક્યોને ગોખીને જીવન સાત્ કરી દેવા જોઈએ.

૧) Weakness is evil. નબળાઈ જ મોટું પાપછે.

૨) Build your nonses on volcanoes. તમારા ઘરો તમે લાવારસના ધગધગતા પહાડની ટોચ ઉપર બાંધો.

૩) Live dangerously. તમારૂ અસ્તિત્વ જ બીજાને ભયભીત કરી મુકે તેવું રાખો.

ઓ યુવાન ! આવી ધગધગતી આગ તું બન... ! શૌર્યનું બીજુ નામ આગછે. તણખા નામ તો એના માટે નબળું પડે.

**'હજુ ય ખૂમાર ને હજુ ય હું યુવાન છું,**
**ભલે ને કાળ આવતો હુંય સાવધાન છું;**
**કરી નથી મે બંદગાની સ્વર્ગ કેરી લાલચે,**
**પૂછીજુઓ આ લોકને કે હુંય ખાનદાન છું.'**

......

**'યુવાન હોશિયાર હોવો જોઈએ,**
**હાથમાં તલવાર હોવી જોઈએ;**
**એક ઘા એ કોઈ ના થાયે ખતમ,**
**બેઈ બાજુ ધાર હોવી જોઈએ.'**

એક સુગમ આત્માવલોકન દૃષ્ટિથી તપાસીએ; આપણી કલ્યાણ હેતુ ઈશ્વર આરાધનામય કર્મ-જ્ઞાન-ભક્તિયોગ કે તેવી અન્ય સમગ્ર ક્રિયાઓમાં મૂળભૂત કારણ શું છે,...

# સ્વભાવ કે અભાવ...?

પાર્ષદ ખુશાલ ભગત
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

કહેવાય છે કે, 'Man is a Social animal' - મનુષ્ય સામાજિક પ્રાણી છે. તો કોઈ કહે છે કે, 'Man is a musical animal' - મનુષ્ય સંગીતમય પ્રાણી છે. કોઈ જગ્યાએ વ્યાખ્યા એવી પણ થાય છે કે, 'Man is a Rational animal' - મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. તો સામાન્ય રીતે કહેવું હોય તો એટલું જરૂર કહી શકાય કે 'Man is a Temperamental animal' - મનુષ્ય સ્વભાવયુક્ત પ્રાણી છે.

કારણ **'શ્રી ભગવદ્ ગીતા'** કહે છે :-

'न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ।।'

(શ્રી ભગવદ્ ગીતા : ૫/૧૪)

''પરમાત્મા પ્રાણીઓના કર્તાપણાને, કર્મના ફળને કે કર્મને સર્જતા નથી. પ્રકૃતિ જ તેને તે કરવા પ્રેરે છે.''

વળી, 'ગીતા' કહે છે :- 'स्वभावोऽध्यात्ममुच्यते ।' (શ્રી ભગવદ્ ગીતા : ૮/૩)

આનું ભાષ્ય કરતાં યોગીવર્ય સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી કહે છે :- 'स्वभावः प्रकृतिः अध्यात्मम् ।'

આમ, સ્વભાવ એટલે પૂર્વકર્મનાં પરિપાકરૂપે પરિણામ પામેલી જે પ્રકૃતિ તે. તેને જ ગીતાનાં મતે સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી 'અધ્યાત્મમ્' (આત્માની સાથે સંબંધ રાખનાર) કહે છે.

માનવ માત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરવા પ્રેરાય છે. પછી ભલે તે સાધક હોય યા સિદ્ધ.

**માનવ માત્રની તથા પ્રાણીમાત્રની ક્રિયાકલાપો અને આચરણનાં મૂળમાં ક્યાંક સ્વભાવ હોય છે તો ક્યાંક અભાવ.**

જે આચરણ અથવા ક્રિયા **અભાવજનિત** હોય, તે અભાવ દૂર થતાં જ **સમાપ્ત** થઈ જશે. પરંતુ જે આચરણ, જે કૃત્ય **સ્વભાવજનિત** હોય તે **સદૈવ** રહેશે. તે ક્યારેય પણ નાશ પામતું નથી.

અગ્નિનો સ્વભાવ છે બળવું ને બાળવું. પરિસ્થિતિ ચાહે કેવી પણ હોય, લાકડું હોય કે શબ, દરેકને બાળવું જ છે. જ્ઞાની હોય કે અજ્ઞાત બાળક અગ્નિમાં હાથ નાંખે તો બળે જ.

સ.ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી એકવાર વિચરણ કરી રહ્યા હતા. તેમાં એક લજામણીનો છોડ તેમણે જોયો. તેને અડતાવેંત તે લજાઈ ગયો. આ જોઈ સ્વામી બોલ્યા : ''જુઓ, આ સ્વભાવ. કોઈ અડે કે તરત લજાઈ જાય.''

તેનો સ્વભાવ જ છે, પ્રકૃતિ જ છે કે, કોઈ અડે તો લજાઈ જવું. પછી ભલે તેને મનુષ્ય અડે કે પશુ. વિદ્વાન અડે કે મુર્ખ, ગમે તે હોય અડતાવેંત જ કરમાઈ જવું એ સ્વભાવ છે.

કોયલ કોઈ વૃક્ષની ડાળ પર બેઠી બેઠી પોતાના મધુર કંઠથી કલરવ કરતી હોય અને કોઈ દુષ્ટ તેને પથ્થરનો ઘા કરીને મારે તો કોયલ ઊડી તો જશે, પરંતુ **કોયલ ક્યારેય પણ પોતાના મધુર સ્વરનો ત્યાગ કરતી નથી.** તેનો કલરવ તો ચાલું જ રહેશે. તેને કોઈ મારીને

ઉડાડવાનો પ્રયાસ કરશે તો પણ ક્યારેય પણ પોતાના મોઢામાંથી કાગડા જેવો કર્કશ અવાજ નહીં કરે. કારણ - તેનો સ્વભાવ જ છે કે **મીઠું જ બોલવું,** મધુર જ બોલવું.

જ્યારે કાગડાને તમે પ્રેમથી પાસે બોલાવીને તેની પાંખો પર વ્હાલ કરી હાથ ફેરવશો તોપણ તેનો જવાબ તે તેની **કર્કશ વાણીથી** જ આપશે. તે ક્યારેય પણ કોયલની જેમ મીઠું નહીં બોલે.

કારણ કે, પોતાના સ્વભાવને ઓળંગીને કાર્ય કરવું ઘણું કઠણ છે.

તેથી જ કોઈ કવિ કહે છે :-

**'સોના કેરે પાંજરે, મનહર મેવા ખાય; તો પણ પામર કાગડો, માંસ જોઈ લલચાય.'**

દુર્યોધન પિતા **ધૃતરાષ્ટ્ર** વિદુરજીને કહેતો જ હતો :-

'जानामि धर्मं न च मे प्रवृत्तिः । जानाम्यधर्मं न च मे निवृत्तिः ।।'

''હું ધર્મને જાણું છું પણ તે માર્ગે પ્રવર્તી શકતો નથી અને અધર્મને જાણું છું, પરંતુ તે માર્ગેથી પાછો વળી શકતો નથી.''

'स्वभावो दुरतिक्रमः ।' - આ ધુતરાષ્ટ્રવૃત્તિ છે.

''જ્યારે ઉદાહપણ સ્વરૂપે **ભગવાન શ્રી બાલકૃષ્ણ** વ્રજમાં ગોપીયોનાં ઘરમાંથી માખણ ચોરીને ખાતા હતા. તો આ તેમનો સ્વભાવ છે, ન કે અભાવ. તેમના ઘરમાં તો નવલાખ ગાયો છે, અખૂટ માખણ છે. માખણનો અભાવ નથી. આ તો તેમનો નટખટ સ્વભાવ છે.

શ્રી મુક્તાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, દાદાખાચર, જીવુબા, લાડુબા આદિ **હજારો સંતો-ભક્તો** અતિ દીનતાપૂર્વક દાસભાવે ભગવાન શ્રીહરિનું ભજન કરતાં અને તેમાં જ રચ્યા-પચ્યા રહેતા, પોતાને અન્ય સંતો-ભક્તોથી અતિ તુચ્છ માનતા. આ તેમનો સ્વભાવ હતો. તેમની પાસે શ્રેષ્ઠતાનો અભાવ ન હતો, ન કે ગુણોનો અભાવ હતો. સાથે સાથે તેમની પાસે લૌકિક ધનસંપત્તિ, માન-પ્રશંસા પણ અઢળક હતી. જેનો તેમણે ભગવાન શ્રીહરિની પ્રસન્નતા માટે ત્યાગ કર્યો હતો.

❖ શાનો **અભાવ** હતો લાડુદાનજી ને ? ગુજરાતના અનેક રજવાડાઓની રાજકચેરીના મણિસમાન કવિરાજ, પગ જ્યાં પડે ત્યાં મોટા મોટા વિદ્વાનોના માથા ઝૂકી જાય ને અનેક સમ્રાટો જેની પંડિતાઈ પર ફિદા થઈ જાય એવા **લાડુદાન** સહજાનંદ સ્વામિમાં સમાઈ ગયા ને આજીવન બ્રહ્માનંદ સ્વામી બનીને ભગવાન શ્રી સ્વામિનારાયણના દીનભાવે ભજનો ગાયા. તેમની આજ્ઞાનું પાલન કરવા લોકોના અપમાનો સહન કર્યાં.

❖ ગ્રહણની ગતિઓને ફેરવી દેનાર સ.ગુ. **શ્રી ગોપાળાનંદ સ્વામી**ને ક્યાં ઐશ્વર્યની ખોટ હતી ?

❖ રાજવૈભવમાં ઉછરેલા - સુવર્ણના થાળમાં પકવાનો આરોગનાર, વિદ્વત્તા-પાંડિત્યનું મૂર્તિમંત સ્વરૂપ, બુદ્ધિનાં બેતાજ બાદશાહ **દિનમણી શર્મા**ને ક્યાં પંડિતાઈની ખામી હતી કે સંસારનો ત્યાગ કરી સાધુભાવમાં **નિત્યાનંદ સ્વામી** બની જીવનપર્યંત ભગવાન શ્રીહરિના ગુણગાન ગાયા ?

❖ ત્રિલોકમાં વિહાર કરનાર, સદેહે બદ્રિકાશ્રમમાં જનાર, નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત કરનાર, સિદ્ધપુરુષ સ.ગુ. **શ્રી શતાનંદ સ્વામી**ને ક્યાં ઐશ્વર્યનો તોટો હતો કે શ્રી સહજાનંદ સ્વામિના ચરણોમાં સમાઈ ગયાં ?

❖ અરે ! સંધ્યા સમયને પ્રભાતનું સ્વરૂપ બનાવનાર પ્રેમની મૂર્તિ **પ્રેમાનંદ સ્વામી**ને ક્યાં કળા કે આવડતની ખોટ હતી કે ભગવાન શ્રી સ્વામિનારાયણની યાદમાં રાત્રિ-દિવસ જેની આંખો અશ્રુઓથી ન સૂકાતી ?

❖ તાળી વગાડીને સ્વામિનારાયણ નાદ કરે ને જમપુરી ખાલી થઈ જાય અને મચ્છરને પકડીને તેના જીવને ઘોડીમાં પ્રવેશ કરાવી મૃત્યુ પામેલ ઘોડીને હણહણાટી કરતી બેઠી કરે ! મડદાને બેઠા કરનાર સ.ગુ. **શ્રી વ્યાપકાનંદ સ્વામી**ને ક્યાં સામર્થ્યની ખોટ હતી કે જેથી કે શ્રીજીમહારાજના આંખના પલકારે તેઓ જીવન જીવતાં રહ્યાં.

❖ સેંકડો શિષ્યોનો ત્યાગ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણના એક સામાન્ય સાધુ બનેલ પશ્ચિમ બંગાળ મંદિરના મહંત, **સ્વયંપ્રકાશાનંદ સ્વામી**ને કઈ ખોટ હતી ?

❖ ફૂંક મારીને અડીખમ ઊભેલા લીલાછમ ઘેઘુર વડલાને બાળીને રાખ કરી દે એવી અજોડ સિદ્ધાઈનો ત્યાગ કરી ભગવાન શ્રીહરિના સંતો-હરિભક્તોના ખાસડાં માથે લઈને પોતાના ધન્યભાગ્ય માનનાર (દેવીવાળા મગ્નીરામ) **અદ્વૈતાનંદ સ્વામી**ને સિદ્ધાઈની શી ખોટ હતી ?

❖ ઈન્દ્રાસન પર બેઠેલ ઈન્દ્રને લાત મારે ને બારેમેઘ ખાંગા થાય તેવા **સચ્ચિદાનંદ સ્વામી**ને શું ખોટ હતી કે ભગવાન શ્રી સ્વામિનારાયણના દાસના દાસ બની તેમના એઠાં નાંખી દીધેલા રોટલાના બટકા ખાઈને જીવન વિતાવવાનું કબૂલ કરે ?

જ્યારે અજ્ઞાની લોકો તો આ સંતોને ભિખારી જ માનતા હતા. ત્યારે ડાહ્યા જ્ઞાની જનોની દૃષ્ટિએ પણ આ સંતો ભિખારી જ હતા ! પરંતુ નાશવંત ધન-સંપત્તિના નહીં, તેઓ તો પરમપ્રેમ, પરમશ્રેય ભગવદ્‌પ્રેમના ભિખારી હતા. તેમનો આ બાહ્ય **ભિક્ષુક વેશ** કોઈ અભાવનું કારણ નથી, પરંતુ તેમના **દીનતાભર્યાં સ્વભાવનું કારણ** છે.

અનુસંધાન પેજ - ૨૫ પર...



### તમામ લક્ષ્યાર્થની સિદ્ધિ અને સાધનોની ફળશ્રુતિનું મુખ્ય કારણ શ્રદ્ધા જ છે;

# શંકા જેટલી દૂર શ્રદ્ધા એટલી નજીક

સાધુ વ્યાપકસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**'હાથમાં પાસાં નથી તો શું થયું ? જૂગટું મનમાં રમાતું હોય છે.'**

- અદી મીરઝા

શ્રદ્ધા અને શંકા એકબીજાની પાક્કી દુશ્મન છે. આ બંને વચ્ચે **સતત લડાઈ** ચાલતી રહે છે. કોણ જીતે છે તેના પરથી જ માણસની હાર-જીત અને સફળતા-નિષ્ફળતા નક્કી થતી હોય છે. ભગવાનમાં શ્રદ્ધા ન હોય તો મૂર્તિ પણ પથ્થરથી વિશેષ કંઈ નથી. **સફળતા** માત્ર પ્રયત્નોથી નહીં પણ **પોતાના પ્રયત્નોમાં રહેલી શ્રદ્ધાથી જ** મળે છે. સંબંધો પણ શ્રદ્ધાથી જ **સજીવન** રહે છે.

એક ખેડૂત હતો. તેણે પોતાની વાડીમાં કૂવો બનાવવાનું નક્કી કર્યું. ત્રિકમ-પાવડો લઈને એ વાડીમાં કૂવો ખોદવા ગયો. ખેડૂતનો નાનકડો પુત્ર તેની સાથે હતો. જમીનમાં ત્રિકમના ઘા મારતો હતો ત્યારે બાળકે પૂછ્યું : ''આપણા કૂવામાંથી પાણી નીકળશે ?''

એ જ સમયે ખેડૂતના કપાળેથી પરસેવાનું એક ટીપું જમીન પર પડ્યું. ખેડૂતે કહ્યું : ''જો આ એક ટીપું પાણી આવ્યું. **મને પાણી કરતાં મારા પરસેવા ઉપર વધુ શ્રદ્ધા છે.** મારો પરસેવો જ કૂવામાં પાણી લાવશે.'' મહેનત ઉપર શ્રદ્ધા ન હોય તો એ વેઠ બની જાય છે.

પરીક્ષા એ બીજું કંઈ નથી પણ **શ્રદ્ધાને સાર્થક કરવાની તક** છે. એક વિદ્યાર્થીએ કહ્યું : ''પરીક્ષા ન હોત તો ક્યારેય મને ખબર જ ન પડત કે હું બીજાથી શ્રેષ્ઠ છું.'' એકલો માણસ ગમે તેટલો ચાલે તો પણ ક્યારેય નંબર વન બનતો નથી.

માણસની સૌથી મોટી સ્પર્ધા હંમેશા પોતાની જાત સાથે જ હોય છે. માણસે પહેલાં પોતાના પર જીત મેળવવાની હોય છે. **જે પોતાને જીતી શકતો નથી એ બીજાને ક્યારેય હરાવી શકતો નથી.** ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવનાર એક રમતવીરે કહ્યું હતું કે, ''જ્યારે મેં પહેલી વખત રેકોર્ડ બ્રેક કર્યો ત્યારે મારે કોઈનો રેકોર્ડ તોડવાનો હતો. એ રેકોર્ડ તૂટી ગયો પછી મને થયું કે, હવે શું ? મેં નક્કી કર્યું કે, હવે મારી સ્પર્ધા મારી સાથે જ છે. મેં મારો જ રેકોર્ડ તોડવાનું નક્કી કર્યું. મેં મારો જ રેકોર્ડ બ્રેક કર્યો ત્યારે મને સમજાયું કે, પોતાને જ હરાવવા જેવો આનંદ બીજાને હરાવવામાં નથી.''

દરિયાનું પાણી ગમે એટલું ઊંડું હોય તો પણ એ નાનકડી હોડકીને ડૂબાડી શકતું નથી. પણ જો **હોડીમાં નાનકડું કાણું પડી જાય તો હોડી ડૂબી જાય છે.** શંકાનું પણ એવું જ છે. થોડીક શંકા પ્રવેશી એટલે વહાણ ડૂબ્યું. સાચા નાવિકને દરિયાના ડર કરતાં પોતાની હોડી ઉપર વધુ શ્રદ્ધા હોય છે. સવાલ માત્ર એ જ હોય છે કે તમને તમારી જાત ઉપર શ્રદ્ધા છે ? જ્યાં શ્રદ્ધા નથી હોતી ત્યાં બહાનાં હોય છે. શિલ્પકારને પથ્થરમાં પ્રતિમા દેખાય છે અને તોફાનીને ઘા કરવાનું સાધન. ફર્ક માત્ર શ્રદ્ધામાં જ છે.

વાત સફળતાની હોય કે સંબંધોની, **શ્રદ્ધા વગર કંઈ જ સિદ્ધ થતું નથી.** આપણને આપણા સંબંધો ઉપર કેટલી શ્રદ્ધા હોય છે ? એક ભાઈ એક સર્વે લઈને સમાજશાસ્ત્રી પાસે ગયા. આ સર્વેમાં એવા તારણો હતા કે સંબંધો તૂટવાનું પ્રમાણ વધી ગયું છે. સર્વે જોઈને સમાજશાસ્ત્રી હસ્યા. તેણે કહ્યું કે ભાઈ, આ સંબંધો તું ધ્યાનથી જો. સંબંધોની સંખ્યા

તો એટલી જ છે. સંબંધો તૂટવાની સંખ્યા વધી છે. સંબંધો તો ત્યારે જ તૂટ્યા જ્યારે સંબંધો બંધાયા. સંબંધો બંધાયા જ ન હોત તો સંબંધો ક્યારેય ન તૂટત. સમજવાની વાત એટલી જ છે કે, સંબંધો નથી ઘટ્યા, શ્રદ્ધા ઘટી છે. લગ્નના કેસો તો એટલા જ છે, છૂટાછેડાના કેસો વધ્યા છે.

એક પતિ-પત્નીને **ઝઘડો** થયો. વાત પંચ સુધી ગઈ. પતિ-પત્નીએ એક-બીજા પર **આક્ષેપો** કર્યા. પતિએ કહ્યું કે, મારી પત્ની જેવું કહે છે એવો હું નથી. પત્નીએ કહ્યું કે, મને મારા પતિ ઉપર શંકા છે. પત્નીની વાત સાચી ન લાગી ત્યારે પંચના વડાએ કહ્યું કે, બહેન તને તારા પતિ પર શંકા છે એમન કહો. સાચી વાત એ છે કે, તને તારા પતિ પર શ્રદ્ધા નથી. **મોટા ભાગના સંબંધો શ્રદ્ધા ન હોવાના કારણે તૂટે છે.** તમારા પ્રેમમાં અને તમારા પ્રયત્નોમાં **શંકા ન ઘૂસી જાય** એની સાવચેતી રાખો.

શંકા આવશે તો શ્રદ્ધા ક્યારે સરકી જશે એ સમજાશે જ નહીં. દિલમાં બેમાંથી માત્ર એક જ રહી શકે, કાં શંકા અને કાં શ્રદ્ધા. તમે ધારો તેને તમારા દિલમાં રાખી શકો છો. **શંકાને ક્યારેય જીતી શકાતી નથી** અને **શ્રદ્ધા ક્યારેય હારતી નથી.** આ વાત સમજી ન શકાય તો છેવટે માણસ જ હારતો હોય છે. શંકાને સબળ ન થવા દો અને શ્રદ્ધાને નબળીને ન પડવા દો. તમારી શ્રદ્ધા જ તમને સફળ, શ્રેષ્ઠ અને સારા બનાવશે.

**'જો તમે તમારા પર વિશ્વાસ રાખશો તો બીજા લોકો પણ આપોઆપ તમારા પર વિશ્વાસ રાખશે.'**

**અનુસંધાન પેજ ૨૩નું ચાલું...**

તે જ પ્રમાણે આપણે આપણાં **લૌકિક આચરણ** પર નજર નાંખીએ તો આપણું આચરણ સમયને અનુસાર બદલતું રહે છે. આપણો સ્વભાવ **વિનમ્રતા**નો છે તો બધા પ્રત્યે વિનમ્ર રહીએ છીએ. વ્યક્તિ કોણ છે ? આપણાં માટે કોઈ કામનો છે કે નહીં ? આપણથી નાનો છે કે મોટો ? ધનવાન છે કે ગરીબ ? આપણે સહજ જ દરેક પ્રત્યે વિનમ્રતાનો ભાવ રાખીએ છીએ તો આ આપણો સ્વભાવ છે. આનાથી વિપરીત દરેક પ્રત્યે કટુતાભર્યું આચરણ કરીએ છીએ તો **કટુતા પણ** આપણો **સ્વભાવ** જ છે.

આનાથી પણ વિપરીત હવે પરિસ્થિતિ એવી આવી ગઈ છે કે, આપણે કોઈ કામ પતાવવું છે, અને તે પણ કોઈ અમુક વ્યક્તિ દ્વારા જ થઈ શકે એમ છે; એ વ્યક્તિ વિના તે કાર્ય થવું અશક્ય જેવું લાગે છે. તો આને કહેવાય **'અભાવ, ઊણપ.'** હવે તે અભાવને કારણે આપણું આચરણ તે વ્યક્તિ પ્રત્યે **અતિ વિનમ્ર** બની જાય છે. તે વ્યક્તિને આપણામાં કોઈ રસ પણ નથી, છતાં પણ આપણે તેના તિરસ્કારોને સહન કરીને પણ તેને મનાવવા પ્રયાસ કરીશું. કારણ કે આપણે તેના દ્વારા આપણું કામપતાવવું છે. કામ પૂર્ણ થયા પછી ખાડામાં જાય તે વ્યક્તિ ને પાતાળમાં જાય વિનમ્રતા !!

આમ, જે કોઈપણ આચરણ **અભાવ-ઊણપને કારણે કરવામાં આવતું હોય તે આચરણ** તે અભાવ-ઊણપ દૂર થતાં જ **સમાપ્ત** થઈ જાય છે. અને જે આચરણ કે ક્રિયા **સ્વભાવ જન્ય હોય તે સદાય ને માટે રહે છે.** તેનો ક્યારેય પણ અંત આવતો નથી.

આથી, પ્રભુ-ભક્તિ, પ્રભુ-પ્રાર્થના, સંત-સમાગમ, સંત-સેવા, વ્રત-નિયમ, ધર્મપાલન આદિક **કોઈ અભાવને દૂર કરવા માટે** જો કરવામાં આવે - અર્થાત્ લૌકિક અભાવ, શાંતિ અભાવ, સંબંધોમાં મધુરતાનો અભાવ, ધનનો અભાવ, યશનો અભાવ, સંતાનનો અભાવ, પદોન્નતિનો અભાવ, તો તે પ્રભુ-ભક્તિ, પ્રભુ-સેવા આદિક તે તે અભાવ દૂર થતાં જ **સમાપ્ત** થઈ જશે.

અને જો **લૌકિક અભાવ** દૂર કરવાને બદલે પ્રભુ-સેવા, પ્રભુ-ભક્તિ, સંત-સમાગમ, **સંત-સેવાનો અભાવ** દૂર કરવા માટે જો કોઈ આચરણ કરવામાં આવે તો તે આપણો **સ્વભાવ** બની જશે. પછી શુભ હોય કે અશુભ, ઘરમાં લગ્ન હોય કે કોઈનું અવસાન, સૂતક હોય કે કોઈ પાતક : આપણી આ પ્રભુભક્તિ, પ્રભુસ્મરણ, સંતસમાગમ, સત્સંગ આદિક સ્વભાવની જેમ આપણાં જીવનમાં વણાઈ જશે. અને 'automatic' -(સ્વયં સંચાલિત) ચાલ્યા જ કરશે. અને આપમેળે જ પ્રભુભક્તિ, પ્રભુસ્મરણ, સંતસમાગમ, સત્સંગ આદિક ચાલ્યા કરશે તો તે આપણો સ્વભાવ બની જશે. અને તે સ્વભાવ આપણા આ માનવજીવનના વાસ્તવિક અભાવ, પ્રભુ-પ્રાપ્તિના અભાવને દૂર કરી દેશે. અને સદાયને માટે ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં સ્થાન પામીને અભાવ-દુષ્ટ સ્વભાવ કે ભાવ-કુભાવથી ઉપર ઊઠી જઈશું.

આપણે **આત્મનિરીક્ષણ** કરીએ : પોતાના પ્રત્યેક આચરણ, કાર્યો, વ્યવહાર, સંકલ્પ, વિચારો ને સ્વભાવ અને અભાવની કસોટી પર તોળીએ અને ઈમાનદારીથી નિર્ણય લઈએ કે, આ જે હતું તે **સ્વભાવ હતો** કે **અભાવજન્ય આચરણ ?** ઉત્તર જરૂર મળશે...!!!

'શબ હોય કે દીવાની વાટ, અગ્નિનો સ્વભાવ છે બાળવું.'

તે જ રીતે આપણો પણ **સ્વભાવ** બની જાય **'ભગવદ્ ભક્તિ'**


અસ્તુ જય શ્રી સ્વામિનારાયણ...

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા સ્વામી ધર્મવલ્લભદાસજી - રઘુવીરવાડી











ગઢપુરને આંગણે યોજાયેલ ભગવાન શ્રીહરિ સ્થાપતિ શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોનો ૧૮૦મો વાર્ષિક પાટોત્સવ (તા. ૧-૧૦-૨૦૦૯, આસો વદ - ૧૨)



શ્રી રઘુવીરવાડી - વડતાલ ખાતે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ શરદોત્સવ (તા. ૩-૧૦-૨૦૦૯)



શ્રી રઘુવીરવાડી - વડતાલ ખાતે યોજાયેલ ચોપડા પૂજન, અન્નકૂટોત્સવ તેમજ પૂજનવિધિ મહોત્સવ



રોકડીયા હનુમાનજી દેવ-આણંદને આંગણે યોજાયેલ પ.પૂ લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં મારુતિ યજ્ઞ તેમજ અન્નકુટોત્સવ




**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે યોજાયેલ ચૌદમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'** (તા. ૧૬ થી ૨૫ ઓક્ટોમ્બર થી - ૨૦૦૯)

૧. જૂના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજી સમક્ષ ધરાવેલ અન્નકુટોત્સવ. ૨. નૂતન વર્ષના સુપ્રભાતે ઠાકોરજી તથા શ્રી ધર્મકુળનું પૂજન કરતા પૂ. સ્વામી. ૩-૪-૫. નૂતન વર્ષના શુભારંભમાં પૂ. સંતો-પાર્ષદોનું પરસ્પર પૂજન-અર્ચન તેમજ સ્નેહમિલન. ૬-૭. સત્સંગ છાવણીનો લાભ લેવા પધારેલ હરિભક્તોના દ્વારા સંતોનું પૂજન. ૮. સમૂહમાં સંધ્યાઆરતીનો લાભ લેતા સંતો-હરિભક્તો. ૯-૧૦. છાવણી દરમ્યાન રાત્રિ કાર્યક્રમમાં સંતો-ભક્તોનો દિવ્ય રાસોત્સવ. ૧૧-૧૨. ઠાકોરજીને ધરાવેલ ઓળા ઉત્સવ(મગફળી)માં લાભ લેતા હરિભક્તો.




**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે યોજાયેલ ચૌદમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'** (તા. ૧૬ થી ૨૫ ઓક્ટોમ્બર થી - ૨૦૦૯)

૧/૨/૩. છાવણી દરમ્યાન દરરોજ સર્વોપરી ઉપાસના, આચાર્ય મહિમા, પંચવર્તમાન, સંતમહિમા, ધ્યાનયોગ વગેરે વિષયો ઉપર યોજાતી જ્ઞાનગોષ્ઠીમાં પૂ. સ્વામી તથા અન્ય પૂ. સંતો તથા લાભ લેતા ભક્તજનો. ૪-૫-૬. છાવણી દરમ્યાન દરરોજ સંધ્યાઆરતી, સ્તુતિપ્રાર્થના, માનસીપૂજા વગેરેમાં પૂ. સંતો-ભક્તો. ૭-૮. અન્નકુટના મહાપ્રાસદ ભક્તજનોને પીરસતા પૂ. સંતો. ૯. કીર્તન સી.ડી.નું વિમોચન કરતા પૂ. સ્વામી સાથે હરિભક્તો. ૧૦/૧૧/૧૨. ડોડા (મકાઈ) ઉત્સવમાં ઠાકોરજીના ધરાવેલ પ્રસાદનો લાભ લેતા સંતો-હરિભક્તો.

પધારો... પધારો... ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ પધારો... પધારો...

**માહે આઈલેન્ડ (સિસલ્સ)ને આંગણે સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ**

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ

**કથા તારીખ :- તા. ૨૭-૧૦-૦૯ કારતક સુદ - ૯ થી તા. ૨-૧૧-૦૯ કારતક સુદ - ૧૫ સુધી**

સર્વોપરી, સર્વકારણના કારણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી માહે-આઈલેન્ડ (સિસલ્સ)ને આંગણે સત્સંગનું પોષણ અને વૃદ્ધિ થાય અને આવતી ભાવિપેઢીમાં સુસંસ્કાર પ્રાપ્ત થાય તેવા શુભ હેતુસર સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** નું તા. ૨૭-૧૦-૦૯ કારતક સુદ - ૯ થી તા. ૨-૧૧-૦૯ કારતક સુદ - ૧૫ સુધી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ પારાયણના વક્તાપદે દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ કથાકાર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર) બિરાજી ગીત-સંગીતનાં તરંગોના કલરવ સાથે કથામૃતનું પોતાની સુમધુર શૈલીમાં રસપાન કરાવશે. તો આ પારાયણમાં ભાગ લેવો, દર્શન કરવા અને આનંદ માણવો એ જીવનનો એક યાદગાર પ્રસંગ બની રહેશે માટે આ અવસરમાં પરિવારજનો અને મિત્રમંડળ સહિત પધારી દિવ્યાનંદનો આસ્વાદ માણી જીવનને ભાગ્યવંતુ બનાવવા આપ સહૃદયી સ્નેહીજનોને ભાવભર્યું આમંત્રણ છે. આશા જ નહિ વિશ્વાસ છે કે આપ જરૂરાજરૂરથી પધારશો જ.

**લી. શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - સિસલ્સના ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.**

## :: દિવ્ય કાર્યક્રમરૂપરેખા ::

**-: પોથીયાત્રા :-**
તા. ૨૭-૧૦-૦૯ કારતક સુદ - ૯
બપોરે ૪.૦૦ કલાકે

**-: કથા પ્રારંભ :-**
તા. ૨૭-૧૦-૦૯ કારતક સુદ - ૯
બપોરે ૪.૩૦ કલાકે

**-: ઘનશ્યામ જન્મોત્સવ :-**
તા. ૨૮-૧૦-૦૯ કારતક સુદ - ૧૦
રાત્રે ૯.૦૦ કલાકે

**-: પટ્ટાભિષેક મહોત્સવ :-**
તા. ૩૦-૧૦-૦૯ કારતક સુદ - ૧૨
રાત્રે ૯.૦૦ કલાકે

**-: ઠાકરથાળી-રાસોત્સવ :-**
તા. ૩૧-૧૦-૦૯ કારતક સુદ - ૧૩
રાત્રે ૮.૩૦ કલાકે

**-: તુલસી વિવાહ :-**
તા. ૨-૧૧-૦૯ કારતક સુદ - ૧૫
સાંજે ૭.૦૦ થી ૯.૦૦

**-: કથા પૂર્ણાહુતિ :-**
તા. ૨-૧૧-૦૯ કારતક સુદ - ૧૫
સમય : સવારે ૯ થી ૧૨, બપોરે ૪ થી ૬

**-: કથા સમય :-**
સાંજે ૬.૩૦ થી
૯.૩૦ સુધી

**-: કથાના યજમાનશ્રીઓ :-**

હરિ બિલ્ડર્સ એન્ડ કંપની - સિસલ્સ, હરિ એન્ટરપ્રાઈઝ એન્ડ કંપની - સિસલ્સ, સહજાનંદ બિલ્ડર્સ એન્ડ કંપની - સિસલ્સ, શ્રીહરિ કન્સ્ટ્રક્શન એન્ડ કંપની - સિસલ્સ, બજરંગ બિલ્ડર્સ એન્ડ કંપની - સિસલ્સ

**:: તુલસી વિવાહના યજમાનશ્રી ::**

**પ.ભ. શ્રી માવજીભાઈ નારણભાઈ ગોરસીયા તથા પ.ભ. શ્રી નાનજીભાઈ ખીમજીભાઈ વેકરીયા પરિવાર**

**કથાસ્થળ :- 'હરિ બિલ્ડર્સ એન્ડ કંપની' Providence Estate, Providence, Seychelles**

સંપર્ક :- પૂ. સંતો - મો. ૭૧૬૩૯૧ શ્રી વાલજીભાઈ : મો. ૦૦૨૪૮ - ૫૧૦૬૩૩, ૫૧૬૩૯૧, ૫૧૬૩૯૫

સરધાર નિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળનો

# સિસલ્સ-દુબઇ સત્સંગ યાત્રા કાર્યક્રમ- ૨૦૦૯

**૨૭ ઓક્ટોમ્બર થી ૧૦ નવેમ્બર સુધી - માહે-આઈલેન્ડ સિસલ્સ**

**સંપર્ક :-** પૂ. સંતો - મો. ૦૦૨૪૮ - ૭૧૬૩૯૧, શ્રી વાલજીભાઈ - મો. ૦૦૨૪૮ - ૫૧૦૬૩૩, ૫૧૬૩૯૧, ૫૧૬૩૯૫

**૧૦ થી ૧૪ નવેમ્બર સુધી - દુબઈ (યુ.એ.ઈ)**

**સંપર્ક :-** શ્રી કિશોરભાઈ - મો. ૦૦૯૭૧૫૦૭૩૬૨૦૮૨, શ્રી વાલજીભાઈ - મો. ૦૯૬૮૯૩૭૫૯૩૫, ૦૦૯૭૧૩૭૪૪૫૦

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ કથાકાર

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની આગામી કથા-પારાયણો તથા મહોત્સવો

| ક્રમ | તારીખ | કથા સ્થળ |
|---|---|---|
| ૦૧. | ૧૯ થી ૨૭ નવેમ્બર - ૨૦૦૯ | **મુ. જામવંથલી, તા. જી. જામનગર**<br>સંપર્ક : હરિભાઈ મનાણી - મો. ૯૪૨૭૭૭૩૮૬૮ ભરતભાઈ કાચા - મો. ૯૯૦૯૪૪૫૯૩૭ |
| ૦૨. | ૧ થી ૯ જાન્યુઆરી - ૨૦૧૦ | **મહોત્સવ સ્થળ :- આટામીલનું ગ્રાઉન્ડ, નિર્મળનગર, ભાવનગર**<br>સંપર્ક : અમરશીભાઈ ખાદી - મો. ૯૪૨૬૩૧૪૩૬૮, છગનભાઈ વડવા - મો. ૯૯૨૫૪૦૬૬૫૬ |
| ૦૩. | ૧૭ થી ૨૩ જાન્યુઆરી - ૨૦૧૦ | **મુ. ટીંબરવા, તા.સિનોર , જી. વડોદરા**<br>સંપર્ક : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૦૪. | ૨૪ થી ૩૦ જાન્યુઆરી - ૨૦૧૦ | **મુ. વાંસખીલીયા (ખાંધલી), જી. આણંદ**<br>સંપર્ક : પૂ. ઘનશ્યામ સ્વામી - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |

## સંપ્રદાયનું ગૌરવ.....પી.એચ.ડી. (શિક્ષણ) પદવીથી સન્માનિત



### શ્રી પ્રિતેશકુમાર દુર્લભજીભાઈ ગજેરાને હાર્દિક અભિનંદન...

નવસારી નિવાસી **પ.ભ. શ્રી દુર્લભજીભાઈ માધાભાઈ ગજેરા** (ગામ-વાંશીયાળી, જી. અમરેલી) સુપુત્ર અને શેઠ પુ.હ. વિદ્યાલય (સંસ્કાર ભારતી હાઈસ્કુલ - નવસારી)ના રસાયણશાસ્ત્રના શિક્ષક **શ્રી પ્રિતેશકુમારે** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સુરતમાં શિક્ષણ વિદ્યાશાખામાં તેમનો પી.એચ.ડી.નો મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. તેમનો વિષય **'દક્ષિણ ગુજરાતની અગ્રગણ્ય માધ્યમિક શાળાઓના સર્વગ્રાહી અભ્યાસ'** હતો. તેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - સુરતે માન્ય રાખીને **પી.એચ.ડી** (શિક્ષણ) પદવી આપી સન્માનિત કરેલ છે. ભગવાન શ્રીહરિ તેઓને જીવનમાં ઉત્તરોતર પ્રગતિ કરાવતા રહે તેવી શ્રીચરણોમાં પ્રાર્થના સહ...

દર મહિનાના પહેલા રવિવારે સરધાર અને મહિનાના છેલ્લા શનિવારે રાજકોટમાં યોજાતી

# :: અભયદાન સત્સંગ સભા ::

**સરધાર :** તા. ૦૧-૧૧-૨૦૦૯, કારતક સુદ - ૧૪ **સમય :-** સવારે ૯ થી ૧

**રાજકોટ :-** તા.૨૮-૧૧-૦૯, માગશર સુદ - ૧૧, શનિવાર **સમય :-** રાત્રે ૯ થી ૧૧

**સંપર્ક :-** શ્રી મહેન્દ્રભાઈ પાટડીયા - મો. ૯૪૨૬૨૨૯૫૫૮ ★ શ્રી કરશનભાઈ ઢાંકેચા - મો. ૯૪૨૬૭૮૧૧૭૯

**પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ્રકાશિત**

# નૂતન વર્ષના નવલા પ્રકાશનો...
# આજે જ આપ વસાવો...




## 'વ્હાલાજી-શોભા પદ ગાન તથા માનસી પૂજા વર્ણન' ઓડિયો સી.ડી

**સ્વર :-** પાર્ષદ ખુશાલ ભગત તથા પ.ભ. શ્રી હરિકૃષ્ણ પટેલ **સંગીત :-** મનોજ-વિમલ


વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણે, વચનામૃત વડતાલના ૧૧માં જેમનિત્ય ગાન કરવાની આજ્ઞા કરેલ છે, તે **'મારા વ્હાલાજી શું...'** એ ભગવદીય-મહિમાના પદો, તેમજ મૂર્તિ શોભાના પદોનું ભક્તિમય સંગીત સૂરાવલી સાથે ગાન, અને સાથે સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં આશ્રિતો દ્વારા નિત્ય કરવામાં આવતી પાંચ સમયની માનસીપૂજાનું રોમાંચિત ગાત્ર અને ગદ્‌ગદ્‌કંઠ થઈ જવાય તેવું હૃદયસ્પર્શી વર્ણન સાથે.... કીર્તન સી.ડી.

## 'મારું જીવન સુગંધી બને...' કીર્તન ઓડિયો સી.ડી




**સ્વર :-** રોહન ત્રિવેદી

વ્હાલા ભક્તજનો ! સવાર-સાંજ, દિવસ-રાત્રિ અને શિશિર-વસંત આ બધાની નિત્ય આવન-જાવનમાં માનવનું આયુષ્ય કપાતું જાય છે. અને અંતે 'મરણં પ્રકૃતિઃ શરીરિણામ્' - મરવું તે શરીરની પ્રકૃતિ છે. શાસ્ત્રોનાં એ ન્યાયે એક દિવસ આ નશ્વર દેહનો અંત આવે છે, પરંતુ મૃત્યુની આ અનિવાર્ય અને નિશ્ચિત પીછવાઈમાં પોતાના વર્તમાન જીવનને દિવ્ય અને મઘમઘતાં પુષ્પોના બાગ જેવું બનાવવા માટે સુંદર કીર્તન પદોની **'મારું જીવન સુગંધી બને...'** એ નામની ઓડિયો સી.ડી. આજે જ આપના ઘેર વસાવો..




## 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન' ઓડિયો સી.ડી

**સ્વર :-** પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી **સંગીત :-** શૈલેષ-ઉત્પલ

વ્હાલા ભક્તજનો ! ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે : "...જ્યારે એવા ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મુકીને જીભે કરીને ઉચ્ચસ્વરે નિર્લજ્જ થઈને તાળી વજાડીને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' ભજન કરવું..." એવા શુભ હેતુથી આ **'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન'**ની ભક્તિમય સંગીતના સથવારે ઓડિયો સી.ડી. પ્રકાશિત...

## 'ઓરા આવો શ્યામસ્નેહી...' કીર્તન વિવેચન ડી.વી.ડી





**વક્તા :-** પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ - સરધાર)

**સ્વર :-** હરિકૃષ્ણ પટેલ તથા સંતવૃંદ - સરધાર

વ્હાલા ભક્તજનો ! સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી યોજાયેલ 'ચૌદમી શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' અંતર્ગત સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી રચિત **'ઓરા આવો શ્યામસ્નેહી...'**ના ચાર પદ ઉપર પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ પોતાની આગવી અને સુમધુર શૈલીમાં ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે કરેલું સુંદર વર્ણન...

## નૂતન સંશોધનાત્મક સંકલન અને સુંદર પૃષ્ઠોની સાથે
## શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા પ્રકાશિત




### અક્ષરસ્વરૂપ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ

# સ્વામીની વાતો

### (પાંચ પ્રકરણ)

**સંશોધક :- સાધુ આનંદસ્વરૂપદાસ (વેદાંતાચાર્ય)**

**'કરોડો કામબગાડીને એક મોક્ષ સુધારી લેવો.'** એવા મહાન સૂત્રને આપનાર અનંત આત્માને માયામાંથી મુક્ત કરી ભગવાનને ભેટાડી દેનાર, બદ્ધ આત્માને બ્રહ્મરૂપ કરી ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિના સુખે સુખી કરનાર; અરે ! આ જગતમાં ધન દેનાર, પુત્ર દેનાર કે સંપત્તિ દેનાર તો અનેક સંતો-મહંતો થયા છે. પરંતુ **જેમણે અનેક આત્માને ભગવાન જ આપ્યા છે** એવા કોઈ જો મહાપુરુષ હોય તો તે છે - **સ. ગુ. શ્રી ગુણાતીતાનંદ સ્વામી.**

સ્વામીશ્રીએ અનંત જીવાત્માઓને બ્રહ્મરૂપ કરવા માટે જૂનાગઢ મંદિરના સભામંડપમાં થાંભલાના ટેકે, ફાટેલ ગોદડી પર બેસી સ્વામીશ્રીએ ૪૦ વર્ષ ૪ માસ ને ૪ દિવસ સુધી અખંડ સર્વોપરી આજ્ઞા-ઉપાસના સાથે બ્રહ્મરૂપની હેલી વરસાવી. **સ્વામીની વાતો એટલે** બ્રહ્મરૂપ થવાની ઔષધી, સ્વામીની વાતો એટલે **ભગવાન શ્રીહરિની નિષ્ઠાનો ખજાનો,** સ્વામીની વાતો એટલે મોક્ષપથે હિંમત હારી ગયેલા મુમુક્ષુઓ માટે **મોક્ષની નિસરણી,** સ્વામીની વાતો એટલે માયાના તરંગોને તોડી ભગવાન શ્રીહરિ સુધી પહોંચાડી દેનારો **અગાધ પ્રવાહ.**

અરે ! આજે પણ જ્યાં જ્યાં સ્વામીની વાતો પહોંચી છે ત્યાં ત્યાં ઘોર કળિકાળમાં સત્યુગનું વાતાવરણ સર્જાયું છે. સ્વામીની વાતોએ **હજારો નવયુવાનો**ના **હૃદય**માં ભગવાન શ્રી સ્વામિનારાયણની **સર્વોપરીતા**નો એવો તો **કેફ** ભરી દીધો છે કે, તેને જગતના કોઈ પંચવિષય સુધ્ધા સ્પર્શ કરી ન શકે. સ્વામીની વાતોએ તો શ્રીજીમહારાજની સર્વોપરીતાનો જાણે **ધ્વજ** ફરકાવ્યો અને હજારો નહિ, પણ લાખો આત્માઓને અક્ષરધામમાં લઈ જવા માટે જેણે **જેહાદ** જગાવી છે.

સ્વામીની વાતોએ **આજે પણ** આખાય સોરઠ દેશમાં ડાકલાં આદિકને પેસવા ન દીધા. સ્વામીની વાતોથી જ અનેક મુમુક્ષુઓ સાંખ્યયોગને સ્વીકારી સંસાર છોડી ભગવાન શ્રી સ્વામિનારાયણને અર્થે ભગવો ભેખ ધારણ કરી **બ્રહ્મનિષ્ઠ સાધુ** થયા. એટલું જ નહિ, પરંતુ સેંકડોની સંખ્યામાં **કર્મયોગી** સંસારમાં રહ્યા પછી પણ **જ્ઞાની** થયા, **ધ્યાની** થયા અને **ધર્મનિષ્ઠ** થઈ બ્રહ્મરૂપ બની ભગવાન શ્રીહરિને પામી ચૂક્યા છે.

માટે આ વાતોને સર્વે ભક્તો પોતાને ઘેરે વસાવી વાંચી-વિચારીને ભગવાન શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરી આજ્ઞાનું પાલન કરી ખૂબજ બળિયા થાય તેવી ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં પ્રાર્થના સહ...

**લી. સાધુ નિત્યસ્વરૂપદાસના ઘણા જ હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.**

## 'શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ, ૨૦૦૯-ગઢપુર' વિષે અગત્યની જાહેરાત

વ્હાલા ભક્તજનો ! સર્વાવતારી, સર્વકારણના કારણ ઈષ્ટદેવ ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના **'ગાદિ પટ્ટાભિષેક'**ના રજત જયંતિ વર્ષમાં વિશ્વશાંતિ અને ભગવાન શ્રીહરિની પ્રસન્નતાર્થે **'આંતરરાષ્ટ્રીય શ્રી સ્વામિનારાયણ મહામંત્ર મહોત્સવ-૨૦૦૯'** તા. ૧૮ થી ૨૬-૧૨-૦૯ સુધી ગઢપુરને આંગણે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ હાલ દેશમાં **દુષ્કાળની સ્થિતિ** તથા વિદેશોમાં **આર્થિક મંદી**નો માહોલ જોતા આ વર્ષે મહોત્સવ મુલતવી રાખીને **મંત્રલેખન** કાર્ય **૨૦૮ કરોડ**થી વધારી **૩૬૫ કરોડ** લખવાનો સંકલ્પ વધારેલ છે. જેથી ભક્તિ અને તપનું બળ વધે અને આ મહોત્સવ હવે ૨૦૧૦માં એટલે **આગામી વર્ષ**માં ભવ્યતાથી ઉજવવામાં આવશે જેની તારીખ નક્કી થતા જાહેર કરવામાં આવશે.

**નોંધ :-** મંત્રલેખન વધુ ચાલવાનું હોય મંત્રપોથી જયારે મંગાવવામાં આવે પછી જમા કરાવવી ત્યા સુધી પોતાની પાસે રાખી આગામી વર્ષમાં એક સાથે જમા કરાવવી. તેમજ મંત્રપોથી વધુ છપાવવાની હોય, તેમાં જેને મંત્રપોથીના યજમાન થવાની ઈચ્છા હોય તેમણે **ગઢપુર** તેમજ **વડતાલ રઘુવીરવાડી**માં **તા. ૨-૧૧-૨૦૦૯ કારતક સુદ - ૧૫** સુધીમાં નામનોંધાવવા.





1



2



3



4



5



6



7



8



9



10

**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે યોજાયેલ ચૌદમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૧૬ થી ૨૬ ઓક્ટોમ્બર થી - ૨૦૦૯)**

૧-૨. કીર્તન-ભક્તિના રાત્રિ કાર્યક્રમમાં પોતાના સુમધુર સ્વરમાં કીર્તન રસપાન કરાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. કીર્તન-ભક્તિ કાર્યક્રમમાં રસતોળ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો અને સર્વે શિબીરાર્થેઓ. ૪-૫. શેરડી ઉત્સવમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીને ઠાકોરજીના પ્રાસાદિક શેરડીનું રસપાન કરાવતા પૂ. સંતો તથા પાર્ષદો. ૬. સંતો-પાર્ષદોને શેરડીનો પ્રસાદ પીરસતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭-૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં શેરડી ઉત્સવનો લાભ લેતા સંતો-હરિભક્તો. ૯. પટેલ અત્તરવાલા - સુરત દ્વારા પ્રસ્તુત 'ભજન-લાડવી' કીર્તન વી.સી.ડીનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૧૦. રાત્રિ કાર્યક્રમમાં તલવારરાસથી પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરતા શ્રી લક્ષ્મીનારાયણ દેવ રાસ મંડળ - રાજકોટ.

Shree Swaminarayan Chintan, October - 2009 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC



**પ.પૂ.સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી સરધારધામને આંગણે યોજાયેલ ચૌદમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૧૬ થી ૨૫ ઓક્ટોમ્બર થી - ૨૦૦૯)**

૧. જૂના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. છાવણી સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા દ્વારા સ્વાગત કરતા છાવણીના વક્તા પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી. ૪. ઠાકોરજી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા પૂ. સંતો. ૫. 'વ્હાલાજી-શોભા પદ ગાન તથા માનસીપૂજા' કીર્તન ઓડિયો સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૬. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળાથી સ્વાગત કરતા જૂનાગઢ મંદિરના ટ્રસ્ટી શ્રી શાંતિભાઈ રતનપરા - માણાવદર. ૭. શ્રી લીંબાભાઈ ઢાંકેચા - સરધાર. ૮. શ્રી રતિભાઈ ભાલોડીયા - રાજકોટ. ૯. શ્રી નંદલાલભાઈ બામટા - બગસરા.

**Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji**

- છબીકલા : શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦